# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.14 - Issue 8
August 2021
Price 12/-




રાજયોગિની દાદી પ્રકાશમણિજી
મુખ્ય પ્રશાસિકા (૧૯૬૯-૨૦૦૭)
સ્મૃતિ દિવસ તારીખ ૨૫-૮-૨૦૨૧



છોટાઉદેપુરમાં SBI દ્વારા આયોજીત 'યોગ દિવસ'ના કાર્યક્રમમાં બ્ર.કુ. મોનિકાબેન, SBIના મેનેજર ભ્રાતા વિકાસકુમાર અગ્રવાલ, પાનવડ શાખાના મેનેજર ભ્રાતા વિરેન યાદવ, બેંક સ્ટાફ મેમ્બર્સ.



ગોંડલમાં SRP ગ્રુપ દ્વારા આયોજીત 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના કાર્યક્રમમાં રાજયોગની સમજૂતી આપતાં બ્ર.કુ. ભાવનાબેન બાજુમાં યોગ શિક્ષક ભ્રાતા ધર્મેશભાઈ અને ભ્રાતા દિનેશભાઈ.



કચ્છ-મુન્દ્રામાં 'યોગ દિવસે' બ્રિટાનીયા બિસ્કીટ કંપનીમાં યોગ દિવસે કાર્યક્રમ બાદ ગ્રુપમાં બ્ર.કુ. સુશીલાબેન સાથે સર્વ સ્ટાફ.



કેશોદમાં '૨૧મી જૂન યોગા ડે' પર દીપ પ્રજવલ્લન બાદ સમૂહચિત્રમાં MLA ભ્રાતા દેવાભાઈ માલમ, નગરપાલિકાના પ્રમુખ ભગિની લાભુબેન, શહેર BJP પ્રમુખ ભ્રાતા પ્રવીણભાઈ ભાલારા સાથે બ્ર.કુ. રૂપાબેન.



માળીયા હાટીના ખાતે 'વિશ્વ યોગ દિવસે' પધારેલ BJPના તાલુકા પ્રમુખ ભ્રાતા રાજેશ ભાલોડીયાને સૌગાત આપતાં બ્ર.કુ. મીતાબેન.



મહેમદાવાદ તાલુકાના મામલતદાર ભ્રાતા વી.કે.પટેલના વિદાય સમારંભમાં ઈશ્વરીય સ્મૃતિચિન્હ આપતાં બ્ર.કુ. મારૂતીબેન.



ગાંધીધામ ભારતનગરમાં '૨૧મી જૂન યોગ દિવસે' કસરત કરતાં બ્ર.કુ.સરિતાબેન, યોગશિક્ષક ભગિની હીનાબેન, ભ્રાતા રાજેશભાઈ.



ખેડા સેવાકેન્દ્ર પર '૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના ઉપલક્ષ્યમાં યોગ કરાવતાં બ્ર.કુ. દક્ષાબેન સાથે બ્રહ્માવત્સો.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૪ | ઓગસ્ટ-૨૦૨૧ | અંક : ૦૮

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- દિવ્ય ગુણોનો ચૈતન્ય ગુલદસ્તો ..........તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..08
- શ્રી કૃષ્ણ જન્માષ્ટમી .....................બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..12
- વિદેહી બનો ...............................બ્ર.કુ. સૂર્યભાઈ ..14
- રક્ષાબંધન ...............................બ્ર.કુ. ભાવનાબેન ..17
- ક્રોધમુક્ત બનો........................બ્ર.કુ. ભગવાનભાઈ ..19
- કાઉન્સીલીંગ દ્વારા મનોરોગોમાંથી મુક્તિ બ્ર.કુ. સુધાકર ..22
- પ્રસંગ પરિમલ .............................................23
- જ્ઞાન મુરલી - વિશ્વ નાટક ...................બ્ર.કુ. વિવેક ..24
- દિવ્યદર્શન ...............................બ્ર.કુ. નંદિનીબેન ..26
- મનન-મંથન એટલે અમૃત મંથન ...........બ્ર.કુ. અનિલ ..28
- ભારતના વૈવિધ્ય તહેવારો ...................બ્ર.કુ. પાયલ ..29
- સાચા રક્ષક - યજ્ઞ સેવક ...............બ્ર.કુ. અરૂણાબેન ..30
- બાબા તમારી યાદ આવે છે..........બ્ર.કુ. ગોદાવરીબેન ..34



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

**Phone : 079 - 2762 0866**

**મુદ્રક અને પ્રકાશક**

**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**


**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

### તંત્રી સ્થાનેથી

# દિવ્ય ગુણોનો ગુલદસ્તો રાજયોગિની દાદી પ્રકાશમણિજી



દાદીજીનો વિસ્તૃત પરિચય તો આ અંકમાં છપાયેલા અન્ય લેખોમાંથી મેળવી શકશો પણ મારે તો દાદીજીના દિવ્યગુણોની વાત કરવી છે.

હું 1973માં સપરિવાર જ્ઞાનમાં આવ્યો ત્યારે મધુવનમાં હિસ્ટ્રી હોલ હતો અને પાર્ટીમાં આવનાર બ્રહ્માવત્સોની સંખ્યા ઘણી જ ઓછી હતી. ત્યારે સપ્તાહ સુધી મધુવનમાં રહેતાં. આમ દાદીજીની નિકટ પાલનાનો વિશેષ અનુભવ થયો.

ગુજરાતી 'જ્ઞાનામૃત' છ માસથી બંધ પડ્યું હતું. એટલે દાદીજીના તે અંગે સંકલ્પો ચાલતા હતા. ઈ.સ. 1978માં નારણપુરા સેવાકેન્દ્રમાં બ્ર.કુ. રમેશભાઈ શાહ (મુંબઈ)ની ઉપસ્થિતિમાં ગુજરાતની મીટીંગમાં મને 'જ્ઞાનામૃત'ના તંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી. 'જ્ઞાનામૃત' બાકીના અંકોના પ્રકાશન સાથે નિયમિત થયું. અમે પાર્ટીમાં મધુવન ગયાં ત્યારે દાદીજીને મારો પરિચય કરાવી 'જ્ઞાનામૃત'ની વાત કરવામાં આવી. દાદીજી ઘણાં ખુશ થયાં. મને શાબાશી અને શુભકામનાઓ પણ આપી. દાદીજીએ મને મારું નામ બદલવાનું પણ કહેતાં હતાં. આમ દાદીના વિશેષ આશીર્વાદની તક મળી.

બ્ર.કુ. મોહનભાઈ સિંગલની દહેરાદૂન બદલી થઈ એટલે મીડિયા સેવાની જવાબદારી મારા શિરે આવી. અવારનવાર પત્રકારોને લઈને માઉન્ટઆબુ જતો અને દરેક પત્રકારનો પરિચય દાદીજીને કરાવતો. છેલ્લે દાદીજી પૂછતાં, ''મેગેઝિન કૈસી ચલતી હૈ?' હું કહેતો દાદીજી આપની દુઆથી તે નિયમિત ચાલે છે. પછી તો બ્રહ્માવત્સોની સંખ્યા વધતી ગઈ. ટોલી લેવા બધાંની સાથે લાઈનમાં જતો તો દાદીજી ઓળખી જતાં ને કહેતાં 'કૈસે હો?' ત્યારે મારા આનંદનો પાર ન રહેતો. આમ 'જ્ઞાનામૃત'ના 43 વર્ષના સંપાદકીય કાર્યમાં સ્વાસ્થ્યની પરીક્ષાઓ આવી ગઈ છતાં એક પણ અંક પ્રગટ થયો ન હોય તેવું બન્યું નથી. આ હતી દાદીજીના વરદાનોની કમાલ!

દાદીજી ગુજરાતને મધુવનનો કમરો (ઓરડો) સમજતાં હતાં એટલે જ્યારે જ્યારે મુખ્યાલયમાં સેવાની જરૂર જણાઈ ત્યારે ત્યારે ગુજરાતને એ સદ્‌ભાગ્ય સાંપડ્યું - અમદાવાદને બાબા અલ્લાહની નગરી કહેતા. ઈશ્વરીય સેવા નિમિત્તે સૌ પ્રથમ દાદીજીએ મુંબઈથી આવીને એમના ચરણારવિંદ વડોદરામાં મૂક્યા હતા. વડોદરામાં સેવાકેન્દ્રનું ઉદ્ઘાટન થયું. તેનો જાદુ આજે અનુભવાઈ રહ્યો છે. ગુજરાતમાં ઈશ્વરીય સેવાઓનો વિશાળ વ્યાપ વધ્યો, નવાં નવાં ઈશ્વરીય સેવાનાં સંશોધનો થયાં, નવી શરૂઆતો થઈ તેમાં દાદીજીની શક્તિશાળી પ્રેરણાનો ગુજરાતવાસીઓ અનુભવ કરતાં.

દાદીજીનો જન્મ અખંડ ભારતના સિંધ, હૈદરાબાદમાં ઈ.સ. 1922માં સુખી પરિવારમાં થયો હતો. ઈ.સ. 1936માં જ્યારે હીરા ઝવેરાતના પ્રસિદ્ધ વ્યાપારી દાદા લેખરાજ દિવ્ય સાક્ષાત્કારો પછી પ્રજાપિતા બ્રહ્માના દિવ્ય જન્મના નામથી ઓમ મંડલી નામે સત્સંગ ચલાવતા હતા ત્યારે

દાદીજી 14 વર્ષની વયે સત્સંગમાં ગયા. બ્રહ્મા-બાબામાં એમને શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થયા એટલે તેઓ બ્રહ્માકુમારી સંસ્થામાં જોડાયાં.

ચૌદ વર્ષ સુધી રાજયોગની ગહન તપસ્યા કરી જીવન દિવ્યગુણોનો ચૈતન્ય ગુલદસ્તો બનાવ્યું. એમની આંતરિક સમૃદ્ધિનો સર્વને સાક્ષાત્કાર થવા લાગ્યો. એમના વ્યક્તિત્વ વિકાસનો ગ્રાફ ઊંચેને ઊંચે જવા લાગ્યો. દાદીજીએ અનેક દિવ્યગુણો, વિશેષતાઓ અને શક્તિઓને ધારણ કરી લીધાં હતાં. બાબા એમને કુમારકાના નામથી બોલાવતાં એમનું દિવ્ય-જીવનનું નામ પ્રકાશમણિજી હતું જે સ્વયં પ્રકાશ પુંજ બનીને એમણે સાર્થક કર્યું હતું.

પિતાશ્રી બ્રહ્માબાબાએ દાદીજીના વ્યક્તિત્વને પારખી લીધું હતું એટલે જ એમની હયાતીમાં દાદીજીને પોતાની સર્વ દિવ્યશક્તિઓ સાથે મુખ્ય પ્રશાસિકાનું પદ સોંપ્યું. બ્રહ્માબાબા 18, જાન્યુઆરી, 1969ના દિવસે અવ્યક્ત વતનવાસી બન્યા. દાદીજીએ સંસ્થાનું સુકાન સંભાળ્યું.

દાદીજી સામે અતિ મહત્વપૂર્ણ જવાબદારી હતી. બાબાના અવ્યક્ત થયા પછી પ્રથમ વર્ષ બ્રહ્માવત્સોમાં શક્તિનો સંચાર કરવાનું અને સંગઠનને મજબૂત બનાવવાનું હતું. દાદીજીએ અન્ય દાદીઓ, દીદીઓ, વરિષ્ઠ ભાઈઓ અને સીનિયર ભાઈઓની ટીમ તૈયાર કરી. સૌને પોતાની શક્તિઓ, યોગ્યતાઓ અનુસાર કાર્ય સોંપ્યું. **મેનેજમેન્ટના પાઠ ન ભણેલાં, એવી કોઈ ડીગ્રી ન મેળવેલાં દાદીજીએ પ્રશાસનમાં શ્રેષ્ઠતા સાબિત કરી.**

દાદીજીએ 38 વર્ષ સુધી મુખ્ય પ્રશાસિકા પદ સંભાળ્યું. આ ગાળામાં સંસ્થાએ હરણફાળ પ્રગતિ કરી. વર્ષો પહેલાં માત્ર હિસ્ટ્રી હોલ અને જૂના માળખાવાળું મધુવન હતું. ધીરે ધીરે વિદ્યાર્થીઓની સંખ્યા અને ભવનોની સંખ્યા વધતી ગઈ. મેડીટેશન હોલ, ભંડારાનું રીનોવેશન, ઓમશાંતિ ભવન, સુખધામ, જ્ઞાન-વિજ્ઞાન ભવન વગેરે કેટલાંયે ભવનો, જ્ઞાન સરોવર, ગ્લોબલ હોસ્પિટલ, પીસ પાર્ક, શાંતિવન આ સૌ અદ્‌ભુત વિશાળ સંકુલો બન્યાં. એમાં દાદીજીનું પ્રભાવશાળી વ્યક્તિત્વ જ નિમિત્ત હતું. આ સંકુલો ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓથી સદા ધબકતાં રહે તે માટે દાદીજી સમગ્ર વર્ષનું સમયપત્રક બનાવી, મીટીંગો યોજી તેનો અમલ કરતાં હતાં.

ત્યાર પછી તો વિદેશોમાં પણ ભવ્ય ભવનો બનવા લાગ્યાં. લંડન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા જેવા દેશોમાં અનેક ભવ્ય ભવનોનું નિર્માણ થયું. વિદેશોની ધરતી ઉપર આ ચમત્કાર જ કહી શકાય.

પહેલાં તીન પૈર પૃથ્વી મેળવવાની તકલીફ હતી. પણ પછીથી તો ભારતભરમાં અતિભવ્ય, વિશાળ ભવનો બન્યાં. ભાડાના મકાનોમાંથી સંસ્થાની માલિકીનાં અદ્યતન સંચાર સાધનોથી સજ્જ સેવા કેન્દ્રો બન્યાં. દાદીજીએ દેશ અને વિશ્વના ખૂણે ખૂણામાં પ્રવાસ કરી પોતાના દિવ્ય, અલૌકિક, ચુંબકીય વ્યક્તિત્વથી વિશ્વની અનેક નામીગ્રામી પ્રતિભાઓને પણ પ્રભાવિત કરી.

**આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનોએ એમનું શાંતિ પદક શાંતિદૂત પુરસ્કારથી સન્માન કર્યું, રાજસ્થાનની મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુરે ડી. લીટની પદવીથી સન્માન કર્યું. અનેક રાજ્યપાલોએ રાજભવનોમાં સન્માનો કર્યાં. વિભિન્ન દેશોના નગરોમાં સિટી મેડલ યા Key to city આપી સન્માન આપ્યાં. આમ દેશ-વિદેશોના અનેક નગરો, અનેક સંસ્થાઓએ દાદીજીનાં સન્માનો કર્યાં છે તેની ગણત્રી કરવી**

**મુશ્કેલ છે. જે મુખ્યાલયના ભવનોમાં દૃશ્યમાન થાય છે.**

**દાદીજીએ માત્ર ભૌતિક પ્રગતિથી જ સંતોષ ના માન્યો. બ્રહ્માવત્સોની આધ્યાત્મિક ઉન્નતિ થાય તે માટે તેઓ સતત જાગૃત રહ્યાં.** નવા બ્રહ્માવત્સથી લઈને જૂના બ્રહ્માવત્સો, સમર્પિત ભાઈઓ, કુમારો, કુમારીઓ, માતાઓ, સીનિયર ટીચર્સ, બ્રધર્સ સૌના માટે તાલીમ કેમ્પો, ભઠ્ઠીઓનું સતત આયોજન થતું રહ્યું. દાદી સૌમાં ઉમંગ ઉત્સાહ ભરીને આધ્યાત્મિક ઉન્નતિ માટે ભિન્ન ભિન્ન પ્રકારે પુરુષાર્થ કરાવતાં. વૈજ્ઞાનિક શોધખોળોનાં અદ્યતન સાધનો, સંચારસાધનો, દૃશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા સેવા કરવામાં આવી. આમ આધુનિક દૃષ્ટિ દાદીજીએ અપનાવી હતી. સર્વના સહયોગથી સુખમય સંસાર પ્રોજેક્ટના ફલ સ્વરૂપે આજે અનેક વીંગોની રચના થઈ તેનાથી ઈશ્વરીય સેવામાં ઘણો વેગ આવ્યો અને જોત જોતામાં વિશ્વના 140 દેશોમાં 8500 સેવાકેન્દ્રો અને અનેક સમર્પિત રાજયોગ શિક્ષિકાઓ તેમજ અનગિનત બ્રહ્માવત્સોની રુહાનીસેના તૈયાર થઈ.

આ સર્વ વિકાસમાં દાદીજીના દિવ્યગુણોની મહેંક હતી. દાદીજી પાસે અદ્‌ભુત પરખશક્તિ હતી. યજ્ઞના સંચાલનમાં ગમે તેવી ગંભીર પરિસ્થિતિઓ આવી પણ દાદી અચલ, અડોલ રહ્યાં. દાદીજીનું વ્યક્તિત્વ એટલું અદ્‌ભુત હતું. સર્વ પ્રત્યે સમભાવ રાખી, સૌનાં દિલ જીતવાં અને સૌને સંતુષ્ટ કરવાં આ ભગીરથ કાર્ય દાદીજીએ કરી બતાવ્યું.

દાદી સ્નેહમૂર્તિની સાથે અનુશાસન પ્રિય પણ હતાં એમનામાં લવ અને લોનું બેલેન્સ જોવા મળતું હતું. એમનું હૃદય એટલું તો સ્નેહભરેલું હતું કે આપણું મસ્તક એમના આગળ ઝૂકી જાય. દાદીજી એમનાં વંદનીય આદર્શો અને તપને કારણે મહાન આત્મા બન્યાં. દાદીજીનું પ્રેમ, શક્તિ, નમ્રતાપૂર્ણ અજોડ વ્યક્તિત્વ નાસ્તિકને પણ આસ્તિક બનાવતું હતું.

**દાદીજી સત્યતા, પવિત્રતા અને દિવ્યતાની પ્રતિમૂર્તિ હતાં. એમનામાં સમર્પણમયતા, ધર્મપરાયણતા અને નિઃસ્વાર્થ સેવાના વિશેષ ગુણો હતાં. દાદીજી કોઈનાયે અવગુણ ચિત્ત ઉપર ધરતાં નહોતાં. દરેકનું કલ્યાણ થાય એવી એમની હકારાત્મક દૃષ્ટિ હતી.**

દાદીજીએ બ્રહ્માકુમારી ટીચર્સ ટ્રેનીંગમાં વિશેષરસ લઈ નવી નવી રાજયોગ શિક્ષિકાઓ તૈયાર થાય તે ઉપર ભાર મૂક્યો. વર્ષોથી કુમારીઓની તાલીમ તો ચાલતી હતી પણ શાંતિવનમાં ટીચર્સ ટ્રેનીંગનાં વિશાળ ભવનો તેમજ મનમોહિની કોમ્પલેક્ષ બનાવડાવ્યાં. મનમોહિની કોમ્પલેક્ષનું ઉદ્ઘાટન દાદીજીના હસ્તે થયું હતું.

દાદીજીની દૃષ્ટિ મળતાં અદ્‌ભુત શક્તિનો સંચાર થતો હતો. આધ્યાત્મિક જીવનને વરેલી નારીશક્તિ વિશ્વસેવા કરી વિશ્વમાં સુખ, શાંતિ અને સદ્‌ભાવનાનો સંદેશ ફેલાવી શકે છે એનું દાદીજીએ વિશ્વને પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું. દાદીજીએ તા. 25-08-2007ને શનિવારે સવારે 10:05 કલાકે પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરી અવ્યક્ત આરોહણ કર્યું ત્યાર પછી ભારત અને વિશ્વના અનેક બ્રહ્માવત્સો શાંતિવનમાં પધારી દાદીજીને શ્રદ્ધાસુમન અર્પી ગયાં. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તેમજ અન્ય મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારત અને વિશ્વભરમાંથી અનેક મહાન પ્રતિભાઓના શોક સંદેશાઓનો પ્રવાહ અવિરત ચાલુ રહ્યો. ટી.વી. ચેનલો ઉપરનું અંત્યેષ્ટિનું લાઈવ પ્રસારણ અને ત્યાર પછી સ્મરણાંજલિ સભાઓનું પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ

કરેલું કવરેજ દાદીજીની અદ્દ્ભુત લોકપ્રિયતા સૂચવે છે. **આવાં મહાન દાદીજીના પંચશીલના સિદ્ધાંતો (૧) સ્વમાનમાં રહેવું (૨) સન્માન આપવું. (૩) નિમિત્ત (૪) નિર્માણ (માનશાનની અપેક્ષા રહિત) અને (૫) નિર્મળ વાણી. આપણા જીવનમાં ઉતારીને જનજનની સેવા કરીએ. એજ દાદીજીને આપેલી યથાર્થ સ્મરણાંજલિ ....**

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **જેટલા જેટલા પોતાની વિશેષતાઓને મનસા વાચા, કર્મણાની સેવાઓમાં લગાવશો, તો તે વિશેષતાઓ વધતી જશે.**
- **જેઓ નમ્ર બને છે એને સ્વતઃ સર્વનું માન મળે છે.**

**(પેજ નં. 13નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

રહ્યા છીએ. અને આ ઘણું જ સુંદર જીવન છે જેના હીરો આપ છો. ઘણા લોકો જીવનની આ સુંદરતાનો આનંદ જ ઉઠાવી શકતા નથી. કારણ કે આપણે આત્માના સ્વાસ્થ્ય તરફ ધ્યાન જ આપ્યું નથી. અન્ય ચીજોનું તો આપણે સારું ધ્યાન રાખીએ છીએ. પરંતુ આપણું જે આધારભૂત કાર્ય છે જ્યાંથી કંઈક સારી શરૂઆત થાય છે એનું ધ્યાન જ રાખતા નથી. આપણું જીવન એક વૃક્ષ જેવું છે. જો આપણે બીજની ગુણવત્તા ઉપર ધ્યાન આપીશું નહીં, તો સારો છોડ ઉછેરી શકીશું નહીં. આપણે કહીએ છીએ કે થડનો ભાગ સારો છે, ડાળીઓ ઘણી સારી છે, પાંદડાં ફળ સર્વ કાંઈ સારું છે પરંતુ બીજની ગુણવત્તા સારી નહીં હોય તો ક્યાંકને ક્યાંક દરેક વખતે કંઈક ઊણપ રહેશે.

**પ્રશ્ન -** એટલે તો ખામી રહે છે અને આપણે એમ નથી કહી શકતા કે તે સારું છે. આપણે તેના સારા બનાવવાનો પ્રયાસ કઈ રીતે કરીએ?

**ઉત્તર -** આપણે આત્માના ગુણોને વિકસાવવાનો પ્રયાસ કરતા જ નથી. આપણે બીજ ઉપર પાણી ના નાંખતા એના દરેક પાંદડા ઉપર પામી નાખી રહ્યા છીએ. દરેક ફળ ઉપર પાણી નાખી રહ્યા છીએ અને મૂળ સુધી પહોંચતાં પહોંચતા સૂકાઈ જાય છે.

આ રીતે આપણે પરિવારમાં કહીએ છીએ કે બાળકોનું ધ્યાન રાખું કે ઓફિસનું ધ્યાન રાખું. એમને ખુશ કરું યા આમને ખુશ કરું. મહેનત ઘણી વધારે થઈ રહી છે કારણ કે એક નબળું મન પોતાને ઠીક નથી કરી રહ્યું પણ મહેનત ઘણી વધારે કરી રહ્યું છે. સમજો કે આજે આપણે દસ કલાક કામ કરીએ છીએ. કાલે આપણે બીમાર થઈ જઈએ અને શારીરિક રૂપથી દસ કલાક કામ કરીએ. તો બંને દિવસના કાર્યમાં ફરક પડશે યા નહીં પડે. ફરક પડશે. એક તો આપણી ક્ષમતાઓ ઓછી થઈ જશે અને બીજી મહત્વપૂર્ણ વાત છે કે આપણે એ પૂરા દિવસની જેમ મોજ નહીં કરી શકીએ જેવી અન્ય દિવસોમાં કરતા હતા. એટલે આપણે શું કરીએ છીએય આજે તબિયત સારી નથી લાગતી. થોડો આરામ કરી લો. પહેલાં કોઈ ડોક્ટરને બતાવો. જેથી આગળનો દિવસ આપણો સારો જાય અને પૂરી ક્ષમતાથી કાર્ય કરી શકીએ.


આમ જો આપણે આત્માના સ્વાસ્થ્ય તરફ ધ્યાન આપીએ તો આપણે આપણા જીવનને ખેંચવું નહીં પડે. બીમારીની હાલતમાં તમામ કાર્ય કરવા છતાં મહેનત તો લાગી રહી છે પણ આપણે ખુશી અનુભવતા નથી. જ્યારે માનસિક રૂપથી આપણે આનંદ લઈ શકતા નથી તો આ કોઈ જીવન નથી. પછી મનોરંજન માટે બીજા ઉપાયો કરવા પડે છે.

॥ ઓમશાંતિ ॥

### અમૃતધારા

# સંગમયુગ - કમાણીનો સમય

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપ સર્વને અહીં શાંતિવનમાં આવવા માટે કેવું આકર્ષણ થાય છે? એનું નામ શાંતિવન શા માટે રાખવામાં આવ્યું છે. બાબા અહીં આવતાં જ શાંતિ, શક્તિ અને પ્રેમની વર્ષા કરે છે. આપને એવી અનુભૂતિ થાય છે ને? ભાસના આવે છે ને? ક્યાં ક્યાંથી આત્માઓ અહીં આવે છે. અહીં શું અનુભવાય છે? હું આત્મા છું દેહથી ન્યારો છું અને ઉપરવાળા સર્વશક્તિવાન પરમાત્માનું સંતાન છું. બાબા આપણને કેવા બનાવે છે. દિલમાંથી શબ્દ નીકળે છે પ્યારા બાબા, મીઠા બાબા, આભાર બાબા !

સંગમયુગની આ થોડી પળો ઘણી સારી છે. શિવબાબાએ બ્રહ્માતનમાં આવીને બ્રહ્મામુખ દ્વારા જ્ઞાન સંભળાવ્યું અને આપણા મુખમાં બ્રહ્માભોજન ખવડાવ્યું. કોઈપણ સંસ્થામાં મફત ત્રણે સમય તાજું ભોજન, ચા, ટોલી મળે તેવું હોતું નથી. એક એક મુરલીમાં બાબા કેટલી સારી સારી વાતો સંભળાવે છે. તે સર્વ સાંભળતાં કેટલો બધો આનંદ થાય છે. ગીત પણ છે બાબા, મુરલી, મધુવન. આ ગીત સાંભળતાં જ મન ખુશીમાં નાચી ઉઠે છે. સમગ્ર વિશ્વમાં દરરોજની તારીખની મુરલી સંભળાવવામાં આવે છે તે અદ્‌ભુત છે. આ પ્રણાલી ઘણી અદ્‌ભુત છે. આ બાબાની કમાલ છે. બાબા કહે છે બાળકો, તમારા દરેક પગલામાં કમાણી છે. તમે જ્યાં પણ પગ મૂકશો, ત્યાં પદ્મોની કમાણી છે. પદ્મ એટલે પૈસા નહીં પણ બાબા જ્ઞાન રત્નોથી આપણી ઝોળી ભરે છે.

બાબાની દૃષ્ટિ મહાસુખકારી છે. અતિ સુખ મળે છે. દુઃખનું નામ નિશાન નહીં. જ્યારે મમ્માએ શરીર છોડ્યું, તો બાબાએ મને કહ્યું કે તમે હવે મમ્માના બેડ પર સૂઈ જજો. ત્યાં હું ઈશ્વરીય યાદમાં બેઠી હતી, તો મને રુહાની નશો ચડ્યો હતો. તો બાબા અચાનક સામે આવ્યા. મને કહ્યું, બેટી, શું કરી રહી છો ? પછી બાબા મને એમના ઓરડામાં લઈ ગયા, ખાવાનું ખવડાવ્યું અને કહ્યું ચાલો ક્લાસમાં. તો ક્લાસમાં બાબાએ મને પૂછ્યું કે તમને કદી દુઃખનો અનુભવ થતો નથી ને ?

એટલે મેં બાબાને કહ્યું કે, હું કદી કોઈને દુઃખ આપતી નથી કે દુઃખ લેતી નથી.

સાયંકાળે સંગઠનમાં યોગ કરવો. પછી બાબાની વાતોને પુનઃ યાદ કરવી. બાબા પાલના કરે છે, તો અભ્યાસમાં બાળકો ધ્યાન રાખે તેવું ઈચ્છે છે. અભ્યાસ તો કમાણી છે. દુનિયામાં અભ્યાસ પછી કમાણી છે. જ્યારે રુહાની અભ્યાસમાં જ કમાણી છે. બાબાએ સમગ્ર વિશ્વની સેવા કરવા માટે નિમિત્ત બનાવી. પણ મેં પર્સ હાથમાં રાખ્યું નથી. પાંચ પાઉન્ડ કે પાંચ રૂપિયા હાથમાં નહીં. કારણ કે રુહાની અભ્યાસમાં કમાણી થઈ રહી છે ને.

સંગઠનમાં સહયોગી બનવું, બનાવવા ઘણી મોટી સારી સેવા છે. તે વાત વીતી ગઈ તેને ડ્રામા સમજી પૂર્ણવિરામ મૂકો. સૃષ્ટિનાટકમાં દરેકનો પાર્ટ અલગ અલગ છે. તો મને કોઈ પ્રશ્ન થતો નથી. બધું જ સારું છે. જે થયું તે પણ સારું. અત્યારે સારું થશે, તો ભવિષ્યમાં, કાલે પણ સારું થશે જ. આ ગેરંટી છે. આ મારા સંસ્કારમાં

(અનુસંધાન પેજ નં. 33 પર)

# શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



ભારત બીન-સાંપ્રદાયિક રાષ્ટ્ર હોવા છતાં ભારત જ એક એવો દેશ છે જ્યાં દરેક ધર્મોના અનુયાયીઓ નિવાસ કરે છે. તેથી કોઈને કોઈ ધર્મ સાથે સંબંધિત તહેવારો ઉજવાતા સર્વ તહેવારો સાથે અહીંની સંસ્કૃતિ, સામાજિક તથા રાજનૈતિક, ધાર્મિક તેમજ ઐતિહાસિક દૃષ્ટિકોણ કોઈને કોઈ રીતે સંબંધ ધરાવે છે.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનું પર્વ પણ ભારત સાથે સંબંધ ધરાવે છે, વિદેશો સાથે નહીં. હિન્દી સાહિત્યકાળમાં આજ સુધી જેટલા પણ વિદ્વાન લેખકોએ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી પર સમય પ્રતિ સમય જે કંઈ પણ વિચારો પ્રદર્શિત કર્યા છે અને ટીકાટિપ્પણી કરી છે એ સૌ કરતાં જૂદું આ પાવન પર્વનું અદ્ભુત પરંતુ સત્ય આધ્યાત્મિક રહસ્ય જણાવીશ.

ભારતવાસી શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના આ પર્વને પરંપરાગત તેમજ પ્રાચીન માન્યતાઓને આધારે ઉજવતા આવ્યા છે. લગભગ આ ઉત્સવ ભૂતકાળમાં થઈ ગયેલા મહામાનવોની યાદગારમાં ઉજવવામાં આવે છે. આજે પણ જ્યારે આવા જ ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવે છે ત્યારે જૂનામાં જૂની ધૂંધળી સ્મૃતિઓ પણ એકવાર ફરીથી મનુષ્યના માનસપટ પર ઊપસી આવે છે. એક સમય હશે જ્યારે સાક્ષાત્ શ્રી કૃષ્ણ આ ધરતી પર બિરાજમાન હશે, પરંતુ પ્રશ્ન એ છે કે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનું આટલું મહત્ત્વ શા માટે છે?

## શ્રી કૃષ્ણ કોણ હતા ?

પ્રચલિત વિચારધારા અનુસાર સામાન્ય લોકોનું મંતવ્ય છે કે શ્રી કૃષ્ણ ગીતાના ભગવાન છે. ગીતાના ભગવાનને શ્રી કૃષ્ણ માનવા એટલું જ અસત્ય હશે, જેટલું પંડિત જવાહરલાલ નહેરુંની આત્મકથા ઉપર શ્રીમતી ઈન્દિરા ગાંધીનું નામ લખવું! વાસ્તવમાં તો શ્રી કૃષ્ણ પરમાત્મા નહોતા કે ના એમણે ગીતાનું જ્ઞાન આપ્યું હતું. શ્રી કૃષ્ણ તો સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી મર્યાદા પુરુષોત્તમ હતા. જ્યારે ગીતા જ્ઞાનદાતા તો નિરાકાર પરમાત્મા શિવ છે. જેઓને જ પતિતપાવન, જ્ઞાનસાગર, ત્રિકાલદર્શી, અકાલમૂર્ત તથા જન્મમરણથી ન્યારા, પ્રકાશ સ્વરૂપ અને સર્વશક્તિમાન કહેવામાં આવે છે. પરંતુ શ્રી કૃષ્ણે તો માના ઉદર દ્વારા જન્મ લીધો હતો તથા માબાપ દ્વારા પાલના લઈને રાજગુરુ પાસેથી શિક્ષણ ગ્રહણ કર્યું હતું. જ્યારે સૌ એ જાણે છે અને માને છે ક પરમાત્મા માતાના ઉદર દ્વારા જન્મ લેતા નથી. કારણ કે ભગવાન તો સ્વયં પાલનહાર છે તથા સૌના પરમ શિક્ષક અને સદ્ગુરુ છે. એમને કોઈ ભણાવી શકે નહીં.

વાસ્તવમાં સત્યતા એ છે કે શ્રી કૃષ્ણ સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, સતયુગી પાવન સૃષ્ટિના પ્રથમ-મહારાજકુમાર છે. પરમાત્મા શિવ દ્વારા સંભળાવવામાં આવેલી ગીતાના જ્ઞાનનું સારરૂપમાં મનન મંથન કરીને શ્રી કૃષ્ણે પૂર્વજીવનમાં ધારણ કર્યું હતું. શ્રીકૃષ્ણને 'માખણચોર' પણ એટલા માટે કહેવામાં આવે છે કે જ્ઞાનનો સાર એમણે પૂર્વજીવનમાં ધારણ કર્યો હતો. જેના ફલસ્વરૂપે ભવિષ્યમાં એમને પ્રથમ

મહારાજકુમાર શ્રી કૃષ્ણ તથા સ્વયંવર પછી શ્રી નારાયણનું પદ મળે છે. આ રીતે શ્રી કૃષ્ણ ગીતા પુત્ર છે જ્યારે ગીતા પતિ કેવળ પરમાત્મા શિવ જ છે. શ્રી કૃષ્ણ સમગ્ર સૃષ્ટિના માલિક બને છે. જ્યારે ભગવાન શિવ ત્રણ લોકના સ્વામી છે. શ્રી કૃષ્ણને પોતાનું શરીર છે પરંતુ પરમાત્મા તો નિરાકાર સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ છે. જેમની યાદગાર ભારતમાં શિવલિંગ છે. શ્રી કૃષ્ણના કલ્પમાં કુલ 84 જન્મ થાય છે. જેમાં 8 જન્મ સતયુગ, 12 જન્મ ત્રેતાયુગ, 21 જન્મ દ્વાપર તથા 42 જન્મ કળિયુગ અને એક જન્મ કળિયુગના અંત અને સતયુગના આદિમાં પુરુષોત્તમ સંગમયુગમાં થાય છે. 84મા જન્મના અંતમાં જ્યારે શ્રી કૃષ્ણનો આત્મા અન્ય સમગ્ર વિશ્વના આત્માઓ સહિત તમોપ્રધાન બની જાય છે તેવા સમય પર ગીતાના ભગવાન શિવ પોતાના મહાવાક્યો અનુસાર પોતાનો વાયદો નિભાવવા, આ સૃષ્ટિ ઉપર અવતરિત થાય છે. અને ઈશ્વરીય જ્ઞાન તેમજ સહજ રાજયોગ શીખવાડીને સર્વ પતિત આત્માઓને પુન:પાવન બનાવે છે અર્થાત્ તેઓ શ્રી કૃષ્ણ જેમને ‘શ્યામસુંદર’ પણ કહેવામાં આવે છે. તેમને શ્યામ (તમોપ્રધાન)માંથી સુંદર (સતોપ્રધાન) બનાવી દે છે. શ્રી કૃષ્ણની સતયુગમાં શ્રી નારાયણના નામે આઠ રાજગાદીઓ ચાલે છે. નવમી ગાદી રામની હોય છે. તેથી શ્રી કૃષ્ણની જન્માષ્ટમી તથા શ્રી રામની નવમી ઉજવવામાં આવે છે.

## શ્રી કૃષ્ણનો જન્મ ક્યારે થયો હતો?

પ્રચલિત વિચારધારા અનુસાર શ્રી કૃષ્ણનો જન્મ દ્વાપરમાં થયો હતો એમ કહેવામાં આવે છે. પરંતુ એ વિચારવા જેવું છે કે જો શ્રી કૃષ્ણ દ્વાપરમાં હોય તથા ગીતાના ભગવાન પણ તે વખતે જ હોય તો શું ભગવાન આ સૃષ્ટિ ઉપર આવવાથી દ્વાપર પછી કલિયુગ અર્થાત્ વર્તમાન દુ:ખ રોગ આદિ અભિશાપ મનુષ્ય આત્માને ભોગવવા મળ્યા? તો પછી ભગવાનના અવતરણનો મનુષ્યાત્માઓને શો લાભ? ભગવાન તો દુ:ખહર્તા, સુખકર્તા છે. પરંતુ જો ઉપરોક્ત પ્રચલિત માન્યતાને સાચી માનવામાં આવે તો દ્વાપર પછી સુખની દુનિયા આજે આપણી સમક્ષ હોવી જોઈએ પરંતુ એમ નથી. ગીતાના ભગવાન શિવ હવે વર્તમાન સમયે સ્વયં અવતરિત થઈને પોતાનો સત્ય પરિચય આપી રહ્યા છે. વાસ્તવમાં જ્યારે શ્રી કૃષ્ણનો જન્મ આ સૃષ્ટિ ઉપર થાય છે તે દિવસથી જ સતયુગનો આરંભ થાય છે. પછી દુ:ખ, રોગ, કલહ-કલેશ વગેરેનું નામનિશાન રહેતું નથી. એ જાણીતું છે કે શ્રી કૃષ્ણનો જન્મ જેલમાં થયો હતો. એનો પણ સાચો અર્થ એ છે કે શ્રી કૃષ્ણનો જન્મ એવા વાતાવરણમાં થયો હતો કે જ્યારે આ સંસાર માયારૂપી વિકારોની અંધારી કોટડીમાં બંધ થાય છે. એમનો જન્મ થવાથી કંસ અર્થાત્ કામ જેને શાસ્ત્રોમાં ‘મહાશત્રુ’ કહેવામાં આવે છે, તેનો સંહાર થઈ જાય છે. પછી કોઈપણ પ્રાણી આ દુનિયામાં દુ:ખી અને અશાંત રહેતું નથી.

## શ્રી કૃષ્ણને મળવાનો સમય

જો વિવેકનો આધાર લઈને આપણે નિષ્પક્ષભાવથી શ્રી કૃષ્ણના જન્મોત્સવ પર વિચાર કરીએ તો એ સત્ય નિષ્કર્ષને અવગણી નહીં શકાય કે જે પરિસ્થિતિઓમાં શ્રી કૃષ્ણનો જન્મ થયો હતો તે વાતાવરણ હવે ફરીથી રચાઈ રહ્યું છે. આજે વિશ્વને આપણે વિકારોની જંજીરોમાં બંધાયેલું અજ્ઞાનની અંધારી જેલ કોટડીમાં, પ્રભુપ્રીતિથી વિપરીત મહાકાળના મુખની તરફ તીવ્ર ગતિએ ધસતું નથી જોઈ રહ્યા? પ્રત્યક્ષને પ્રમાણની જરૂર રહેતી નથી. વર્તમાન ધર્મગ્લાનિના આ સમય પર ગીતાના ભગવાન

ત્રિમૂર્તિ શિવ પોતાનો વાયદો નિભાવવા ફરીથી આ સૃષ્ટિ પર ગીતાજ્ઞાન આપી રહ્યા છે, જ્યારે બીજી બાજુ લોકો ભગવાનને સાધારણ તનમાં આવેલા જોઈને એમને ઓળખી શકતા નથી. ગીતાજ્ઞાન દ્વારા સ્વયં શ્રી કૃષ્ણનો આત્મા આ સમયે પાવન બનીને નવી સતયુગી દુનિયામાં જવાનો પુરુષાર્થ કરી રહ્યો છે. હવે પરમપિતા પરમાત્મા શિવ કૃષ્ણના એ શ્રદ્ધાળુ ભક્તોને કહી રહ્યા કે જો તેઓ શ્રી કૃષ્ણને મળવા ઈચ્છે છે અથવા એમનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવા ઈચ્છે છે તો એમણે સતયુગી સંપૂર્ણ નિર્વિકારી દુનિયામાં જવાનો પુરુષાર્થ આજથી જ આરંભી દેવો જોઈએ. જેના માટે ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ જ એવી યુક્તિઓ છે જેના નિરંતર અભ્યાસ દ્વારા જ આપણે સતયુગી રાજધાનીમાં પ્રવેશ કરી શકીએ છીએ.

## શ્રી કૃષ્ણ આવી રહ્યા છે.

કદાચ આપ વિશ્વાસ નહીં કરો પરંતુ આ એક સત્ય છે કે ઘણા ઝડપી નિકટના ભવિષ્યમાં આ સૃષ્ટિના મહાવિનાશ પછી તરત જ શ્રી કૃષ્ણ આ સૃષ્ટિ પર સ્વર્ગ અથવા વૈકુંઠના પ્રથમ મહારાજકુમારના રૂપમાં જન્મ લેશે. આ અદ્ભુત પરંતુ સત્ય સમાચારનું રહસ્યોદ્ઘાટન સ્વયં ત્રિકાલદર્શી, અકાલમૂર્ત, જ્યોતિબિંદુ સ્વરૂપ પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા કર્યું છે. તેથી ભગવાન કહે છે કે જો શ્રી કૃષ્ણને મળવા ઈચ્છતા હો તો અત્યારે પવિત્ર બનો અને યોગી બનો નહિતર ક્યારેય શ્રી કૃષ્ણને મળવાની ઈચ્છા પૂરી કરી શકશો નહીં.




શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના આ પાવન પર્વ પર હું દેશવાસીઓને આગ્રહ કરીશ કે તેઓ શ્રી કૃષ્ણ પ્રત્યે કોરી ભાવના શ્રદ્ધાથી માત્ર સામાજિક રીતરિવાજ અર્થાત્ બાહ્ય આડંબર પૂરાં ન કરે પણ આ પાવન પર્વ દ્વારા સ્વયં શ્રી કૃષ્ણ જેવા નિર્વિકારી દેવતા બનવાની પ્રેરણા મેળવે અને આજે જ પોતાના જીવન માટે નરમાંથી શ્રી નારાયણ તથા નારીમાંથી શ્રી લક્ષ્મી બનવાનું લક્ષ્ય ધારણ કરે. જ્યારે દરેક ભારતવાસીના મનમાં આ શુદ્ધ લક્ષ્ય હશે ત્યારે જ આપણું ગૃહસ્થ જીવન શ્રી લક્ષ્મી-નારાયણ જેવું પ્રસન્ન બની શકશે. એ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રી કૃષ્ણ સંપૂર્ણ નિર્વિકારી દેવતા હતા એમના પર ગોપીઓનાં ચીર હરણનું લાંછન લગાવવું તે મહા પાપ છે. એમના મુગુટમાં મોરનાં પીછાં એમની સંપૂર્ણ પવિત્રતાનું પ્રતીક છે. મોર જ એવું પક્ષી છે જેને પવિત્ર માનવામાં આવે છે. તેથી હવે વિકારો રૂપી વિષ પીવાનું અને પીવડાવવાનું બંધ કરો ત્યારે જ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો વાસ્તવિક આનંદ પ્રાપ્ત કરી શકશો.

॥ ઓમશાંતિ ॥

### પ્રસન્નતાના પથ પર

# આત્મિક સ્વાસ્થ્ય

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



**પ્રશ્ન -** આપણે શારીરિક સ્વાસ્થ્ય માટે વ્યાયામ શરૂ કર્યો. એ વિચારીને વ્યાયામ શરૂ કર્યો કે તે સ્વાસ્થ્ય માટે સારું છે. પરંતુ એને પણ આપણે એક તનાવ (સ્ટ્રેસ)ની જેમ લઈએ છીએ. હવે લોકોમાંએ જાગૃતિ આવી છે કે મારે શું ખાવું છે, કયા સમયે ખાવું છે અને એના માટે કેટલો વ્યાયામ કરવો જરૂરી છે.

**ઉત્તર -** અત્યારે લોકો શારીરિક સ્વાસ્થ્ય વિશે આટલું કેમ વિચારે છે? શા માટે આટલું ધ્યાન રાખવામાં આવે છે? એના માટે આપણે ઘણું લાંબુ વિચારવાની જરૂર નથી. આપણે ફક્ત એક પેઢી પાછળ જઈએ છીએ. અને માત્ર પોતાનાં માતાપિતાને જોઈએ છીએ. તેઓ કદી વ્યાયામ કરવા ગયા નથી. એમણે કદી મીનરલ વોટર (પાણી) પીધું નથી. એ સમયે ભોજનનું એટલું ધ્યાન રાખવામાં આવતું નહોતું. આપણે ત્યાં સાધારણ ભોજન બનતું હતું એને જ સર્વ લોકો ખુશીથી ખાતા હતા. આજે આપણા સ્વાસ્થ્ય ઉપર આટલું ધ્યાન કેમ આપવામાં આવે છે? કારણ કે ભાવનાત્મક દબાણ એટલું છે કે કોઈને કોઈ સમસ્યા શરીર સાથે ચાલે છે. એનું કારણ એ છે કે આપણે આત્માનું ધ્યાન રાખ્યું નથી. એને કારણે જ બધી સમસ્યાઓ આવવાની શરૂઆત થઈ ગઈ છે. જો આપણે આત્માનું ધ્યાન રાખીએ તો મન પર જે આટલું દબાણ છે તે માટે મહેનત કરવી ના પડે. આપ વ્યાયામ કરવા તો જઈ રહ્યા છો એમાં જો બે ત્રણ લોકો એકઠા વ્યાયામ કરી રહ્યા છે તો એ સમયે આપ સ્વયંને તપાસો કે આપણા વિચારોની ગુણવત્તા કેવી છે. આપણે સ્વાસ્થ્ય માટે દોડી રહ્યા છીએ પરંતુ સાથે સાથે નકારાત્મક વિચાર ઉત્પન્ન થઈ રહ્યા છે. આ વિચારોનો માત્ર આપણા મન પર જ નહીં સમગ્ર શરીર પર પ્રભાવ પડે છે. જ્યાં સુધી આપણે શારીરિક સ્વાસ્થ્ય પર ભાવનાત્મક સ્વાસ્થ્યનો કેટલો ઊંડો પ્રભાવ પડે છે તે અનુભવીશું નહીં ત્યાં સુધી આપણે સ્થિર રહી શકીશું નહીં.

હવે આપ એક તથ્ય પર ધ્યાન આપો અને બીજા તથ્યને અવગણતા જાઓ તો એનું પરિણામ શું આવશે? મહેનત વધારે અને સફળતા ઓછી. આજે ડોક્ટર્સની પાસે 30 વર્ષની અંદરના આયુષ્ય શ્રેણીના યુવા પ્રોફેશનલ આવે છે. તેઓ કહે છે કે મારી જીવનશૈલી સારી છે. શરાબ પીતા નથી. ધૂમ્રપાન કરતા નથી. શાકાહારી ભોજન લઈ રહ્યા છીએ. દરરોજ દોડવા પણ જાઉં છું. છતાં પણ 30 વર્ષની ઉંમરમાં આટલી સુસ્તી કેમ? કારણકે એમણે સર્વચીજોનું તો ધ્યાન રાખ્યું નહીં કે મનની સ્થિતિ કેવી છે? એને તો એમણે પૂરી રીતે અવગણી છે અથવા તો એવો સ્વીકાર કરી લીધો છે કે એનું તો કંઈ થઈ ના શકે. તનાવ તો રહેવાનો જ છે અને એનો ખરાબ પ્રભાવ ભિન્ન ભિન્ન બીમારીઓ રૂપે આપણી સામે આવે છે.

**પ્રશ્ન -** માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યનો અર્થ શો છે?

**ઉત્તર -** ખુશી આપણા માનસિક સ્વાસ્થ્યનું પ્રતીક છે. જે સમયે આપ ખુશીનો અનુભવ નથી કરતા તો

સમજી લો કે આપ માનસિક રૂપે સ્વસ્થ નથી. હવે આપ પોતાના દિવસભરના સ્તરને તપાસો કે આખો દિવસ કેવો વીત્યો છે? ખાસ કરીને જે સમયે આપ સામાન્ય યા સુખદ અનુભવ કરો છો તે સમય તપાસો. સમજો કે હું લટાર મારી રહી છું. લટાર મારતી વખતે મને પગમાં યા ઘૂંટણોમાં ક્યાંક દર્દ થઈ રહ્યું છે. પરંતુ હું દર્દની સાથે ચાલું છું. કોઈ કહે છે કે કોઈ ડોક્ટરને બતાવો. હું કહું છું કે હા બતાવીશું. અત્યારે સમય નથી પછીથી બતાવીશું. પછી હું ધીરે ધીરે એ વાતનો સ્વીકાર કરી લઉં છું કે ઈલાજ કરાવાનો મારી પાસે સમય નથી. ડોક્ટર પાસે કોણ જાય. પછી હું કહું છું કે શારીરિક દર્દ તો મારા જીવનનો એક ભાગ બની ગયું છે. અને હું દર્દની સાથે જ જીવવાનું સ્વીકારી લઉં છું. શું આ સ્વાસ્થ્ય છે? શું સ્વસ્થ પગ છે. શું આ ઘૂંટણો સારા છે. ના. મેં એ દર્દનો સ્વીકાર કરી લીધો અને એને જ સામાન્ય કહી દીધું. પણ તે સામાન્ય નથી.

**પ્રશ્ન -** શું આપણે માનસિક તનાવનો પણ આ રીતે સ્વીકાર કરવો જોઈએ?

**ઉત્તર -** મનની સ્થિતિના સંબંધમાં પણ લોકો એવું જ વિચારે છે. જ્યારે આપણને દર્દ થાય છે યા તનાવ થાય છે ત્યારે આપણે પોતાને એમ કહીએ છીએ કે પોતાની મેળે ઠીક થઈ જશે. પછી આપણે દર્દનો સ્વીકાર કરી લઈએ છીએ. જો કોઈ આ બાબતે આપણને કંઈ કહે છે તો આપણે એવો જવાબ આપીએ છીએ કે આ તો સર્વને છે. માત્ર મને જ ક્યાં છે? જો આપ કોઈ કાર્યશાળામાં જાઓ જ્યાં 100 યા 1000 લોકો બેઠેલા હોય. ત્યાં જઈને આપ એ લોકોને એક સાધારણ જેવો પ્રશ્ન પૂછો કે આપને એક પણ વ્યક્તિ ઊભી થઈએ એમ કહેતી ના મળે હા, મને તનાવ નથી. 99 ટકા લોકો એવું કહે છે કે આ તો સૌને હોય છે આ તો સ્વાભાવિક છે. કારમ કે લોકોએ એની સાથે જીવવાનું સ્વીકારી લીધું છે.

**પ્રશ્ન -** એવું કોણ છે જેને તનાવ નથી?

**ઉત્તર -** જો કોઈ વ્યક્તિગત રીતે એમ કહે કે હા, મને તનાવ નથી. તો કોઈપણ એનો સ્વીકાર કરશે નહીં. જેમ કે આપણે કહ્યું કે આપણને સર્વને થાય છે. તમે બાકાત નથી. આ બીમારી આજકાલ સર્વને છે. સર્વને છે માટે હું તેનો સ્વીકાર કરી લઉં છું. છતાં પણ હું એમને સ્વાભાવિક કહી દઉં છું. જો આપણે આપણા દર્દની શરૂઆતથી જ તપાસ કરાવી લઈએ તો પછી આપણે શું હોઈશું? ભાવનાત્મક રીતે સ્વસ્થ. પરંતુ દર્દ છે. ચીડિયાપણું આવી રહ્યું છે, તનાવ થઈ રહ્યો છે. ગુસ્સામાં આપણે કહ્યું કે પોતાનું ધ્યાન રાખવા માટે મારી પાસે સમય નથી. તો શું આપણે સ્વયંને સ્વસ્થ કહીશું. ના. કારણ કે આપણે આરામની અનુભૂતિ નથી કરી રહ્યા. આપણું ભાવનાત્મક સ્વાસ્થ્ય આજે કઈ કક્ષાએ છે તે પૂછવા માટે મારે બીજા કોઈ પાસે જવાની જરૂર નથી.

**પ્રશ્ન -** જ્યારે આપણે કોઈ કાર્યમાં વ્યસ્ત થઈ જઈએ છીએ તો જાણે કે દર્દને આપણે સમજીએ છીએ કે દર્દ મટી ગયું. જ્યારે થોડા સમય બાદ દર્દ ફરીથી શરૂ થઈ ગયું. આવું કેમ થાય છે.

**ઉત્તર -** કદાચ આપણે કોઈને કોઈ પરિસ્થિતિ યા કોઈને કોઈ ઉપાય શોધીએ છીએ. જેથી આપણે આપણું મન ત્યાંથી હટાવી દઈએ. આ રીતે ભાવનાત્મક સ્વાસ્થ્યમાં પણ આપણે દર્દ ભૂલવા માટે એવું જ કંઈ કરીએ છીએ. જેમ કે હું ખરીદી કરવા જાઉં. કોઈની સાથે થોડો સમય ફોન ઉપર વાત કરું. તો પોતાનું ખાલીપણું થોડીવાર ભૂલી જાઉં. એનાથી દર્દ તો ગયું નહીં માત્ર થોડા સમય માટે એને અલગ કરી દીધું. ક્યાંકને ક્યાંક આપણે ઘણું મેળવ્યું છે. અત્યારે પણ ઘણું બધું કરી

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

# વિદેહી બનો

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



આ સમસ્ત સંસાર મારા તારાના દેહ અભિમાનને કારણે અનેક ઈચ્છાઓ તથા કામનાઓથી પીડિત છે. જેને પણ મળો તે પોતાની દુઃખભરી વાતો કહેતાં થાકતું નથી. કામ વિકારે મનુષ્યની આંતરિક શક્તિઓને સળગાવીને રાખ બનાવી દીધી છે. ક્રોધે પારિવારિક સુખોને ઘોર દુઃખમાં બદલી દીધાં છે. લોભ મનુષ્યને રાતદિવસ નચાવી રહ્યો છે, એને દોડાવી રહ્યો છે. એને શાંતિની ઊંઘ લેવા દેતો નથી. લોભના આ ભયંકર પ્રકોપે મનની શાંતિ છીનવી લીધી છે. મોહ મમત્વ તથા આસક્તિઓ મનુષ્યને તનાવગ્રસ્ત બનાવીને એના જીવનનો આનંદ લઈ લીધો છે.

સંસારની અત્યંત દયાજનક સ્થિતિને સુધારવાનું કામ રાજનૈતિક સત્તા કે વિજ્ઞાનની સત્તા પણ કરી શકશે નહીં. હવે ધર્મસત્તા કે બીજી કોઈ સત્તામાં એને બદલવાની શક્તિ રહી નથી. હવે સૌની નજર માત્ર એક તરફ છે, એની શક્તિઓ અનંત છે.

ઈશ્વર એક છે. એની શક્તિઓ અનંત છે. એની શક્તિઓને સ્વયંમાં સમાવનાર સમગ્ર વિશ્વમાંથી પસંદ થયેલ 108 મહાન આત્માઓ છે. જેઓ રાજયોગના માધ્યમથી પરમાત્મ શક્તિઓને સ્વયંમાં ધારણ કરી લે છે. આ સર્વની શક્તિઓ એક સાથે મળીને દુઃખ, અશાંતિ, તનાવ, સમસ્યા અને તોફાનોમાં ગ્રસ્ત માનવને દેવત્વની તરફ લઈ શકે છે અને આ સંસાર કલિયુગી રાત્રીમાંથી સતયુગના દિવસમાં પ્રવેશ કરે છે.

સર્વ બ્રહ્માવત્સ જાણે છે કે સૃષ્ટિ નિયંતા હવે આ ખેલને પૂરો કરવામાં છે. એને અંતિમ સીટી વગાડવાની છે. એ આ 108 મહાન આત્માઓની વિદેહી બનવાની પળોની રાહ જોઈ રહ્યો છે. એણે સ્વયં એ માટે એમને સહજ સાધનાઓ શીખવાડી છે અને પોતાનું બળ તથા વરદાન આપીને આ અંતિમ મંઝિલની તરફ આગળ ધપાવ્યા છે. આ ચર્ચામાં આપણે વિદેહી સ્થિતિનું વિશ્લેષણ કરીશું.

## વિદેહી અવસ્થા

વિદેહી અવસ્થા એક સ્થિતિ છે અને આ સ્થિતિને પામવાનું સાધન છે અશરીરીપણાનો અભ્યાસ, પોતાના ફરિસ્તાસ્વરૂપનો અભ્યાસ અથવા યોગયુક્ત રહેવાનો અભ્યાસ. સમગ્ર દિવસમાં આઠ કલાક યોગયુક્ત રહેનાર સહજ રીતે આ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

આ સ્થિતિને સ્પષ્ટ કરવા માટે આપણે પ્રસિદ્ધ રાજા જનકનું ઉદાહરણ લઈએ છીએ. પૌરાણિક ગાથાઓમાં રાજા જનકની અવસ્થાનું કંઈક આ પ્રકારે વર્ણન છે.

- રાજા જનક વિદેહી રાજા હતા.
- રાજ કામ કરતાં પણ ન્યારા હતા.
- તેઓ સાધનો તથા વૈભવોનો ઉપયોગ કરવા છતાં પણ ઉપરામ રહેતા હતા.

## વિદેહી અવસ્થાની વ્યાખ્યા

- વિદેહી યોગી દેહમાં રહેવા છતાં પણ એ અનુભવ કરે છે કે જાણે તે આ દેહમાં નથી.
- આ અવસ્થા ધારણ કરનાર આત્મા કર્મ કરવા છતાં પણ પોતે કંઈ પણ કરતો નથી

એવો અનુભવ કરે છે. સર્વ કાંઇ કરન કરાવનહાર (પરમાત્મા) કરાવી રહ્યા છે તેવું માને છે.

- કર્મ તથા સેવા કર્યા પછી તેઓ ઉપરામ થઇ જાય છે.
- આવો વિદેહી આત્મા સર્વને જોવા છતાં સાક્ષી તથા નિશ્ચિંત રહે છે.
- આવી મહાન સ્થિતિ ધારણ કરનાર યોગી વસ્તુઓ, સાધનો તથા વૈભવોનો ઉપયોગ કરવા છતાં, ભોજન કરવા છતાં એમાં આસક્ત થતો નથી પણ ન્યારો રહે છે.

અભ્યાસ કરતાં કરતાં તે યોગી ધીરે ધીરે હળવો થતાં ઉપરામસ્થિતિએ પહોંચે છે. પરંતુ આ અવસ્થા સુધી પહોંચવામાં વધારે અભ્યાસની જરૂર છે. જ્યારે યોગી આ સ્થિતિએ પહોંચે છે પછી એના ઉપર તમોપ્રધાન વિશ્વના વાતાવરણનો કોઇ પ્રભાવ પડતો નથી. પરિસ્થિતિઓ તથા સમસ્યાઓ એને પોતાને આધીન રાખી શકતી નથી. એનું મન પ્રશ્નોમાં, ફરિયાદોમાં, મૂંઝવણોમાં અને મારા તારામાં પડતું નથી. તે તો ઇશ્વરીય મિલનમાં મગ્ન રહે છે. સર્વ શક્તિવાન પાસેથી શક્તિઓ પ્રાપ્ત કરવામાં તે તો આનંદિત રહે છે એની સાથે વાતો કરે છે.

સ્વયં પરમશિક્ષક ભગવાને હવે આપણને પડકાર ફેંક્યો છે કે ઓછામાં ઓછાં 108 આત્માઓ તો વિદેહી બને. કારણ કે હવે આપણે વિનાશકાળમાં પ્રવેશી રહ્યા છીએ. વિજયી રત્ન બનવાની આપણી સ્પર્ધા છે. માયા ઉપર સંપૂર્ણ રીતે વિજયી હોય તેવા 108 આત્માઓ સમગ્ર વિશ્વમાંથી પસંદ થઇ રહ્યા છે. ઘણી મોટી સ્પર્ધા છે અને આ સ્પર્ધામાં જીતવા માટે વિદેહી અવસ્થાની જરૂર છે.

આપણે 2021ના અનુપમ વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ તો આપણે આ વર્ષ કઇ રીતે વીતાવવા ઇચ્છીએ છીએ, તેનું ગહન ચિંતન કરીએ. ઓછામાં ઓછું પાંચ મુદ્દાનો કાર્યક્રમ બનાવીએ.

- આ વર્ષમાં સાચી લગનથી, દૃઢ સંકલ્પથી શ્રેષ્ઠ પુરુષાર્થ કરવાની ધૂન લાગવી જોઇએ. આમ કરનારને પરમપિતા દ્વારા વિશેષ મદદ અવશ્ય મળશે.
- ગૃહસ્થ વ્યવહારમાં રહેનારા તથા અન્ય માટે આ પ્રકારનો અભ્યાસ જરૂરી છે. દિવસમાં દસથી પચીસ વાર આ અભ્યાસ કરીએ, તો વધારે કાંઇ કરવાનું રહેશે નહીં.
- યોગયુક્ત બનીને એક દૃશ્યનું નિર્માણ કરીએ કે વતનમાંથી અવ્યક્ત બાપદાદા નીચે ઊતરીને મારી સામે આવી રહ્યા છે અને મને યાદ અપાવી રહ્યા છે કે બાળકો, ફરિસ્તા બનીને મારી સાથે ચાલો. અને આપણે ફરિસ્તા બનીને એમની સાથે વતનમાં જઇએ છીએ. દિવસમાં વારંવાર આ અભ્યાસ કરીએ.
- હું આત્મા યા ફરિસ્તા આ દેહમાં અવતરિત થયો છું. વતનથી બાપદાદા (પરમપિતા શિવ પરમાત્મા અને અવ્યક્ત પ્રજાપિતા બ્રહ્મા) મારી સામે આવે છે. યાદ અપાવે છે કે બાળકો, તમારું કાર્ય પૂર્ણ થયું. હવે ચાલો મારી સાથે, અમે બંને ઉડીને વતનમાં જઇએ છીએ.
- આપણે દૃઢતાપૂર્વક કેટલાક નિયમો અપનાવીશું.
- આપણે મારા-તારાના દલદલ (કાદવ)માં ફસાઇશું નહીં.
- હું નિષ્કામ તથા નિઃસ્વાર્થભાવથી કાર્ય કરીશ.
- હું સમગ્ર વર્ષ પરોપકારી બનીશ.
- હું કોઇપણ વાતમાં કોઇનાથી સંઘર્ષમાં આવીશ નહીં.

- હું અનુમાનના આધારે વ્યર્થચિંતન કરીશ નહીં. ઈશ્વરીય મહાવાક્ય છે - જે વ્યર્થ તથા નકારાત્મક ચિંતનથી મુક્ત રહેશે, તેજ વિજયી રત્ન બનશે. તો આ વર્ષ સ્વયં પ્રતિજ્ઞા કરીએ કે આ વર્ષને 'વ્યર્થ તથા નકારાત્મક ચિંતનથી મુક્ત વર્ષ' તરીકે ઉજવીશું. દર રવિવારે પોતાની પ્રતિજ્ઞાને યાદ કરીએ અને સ્વયંમાં પ્રેરણા ભરીએ.

સ્વયંને વિદેહી બનાવવા માટે આ અભ્યાસની સફળતા માટે આપણે ચાર વાતોનો ત્યાગ કરીએ. તમે જોશો કે આ ત્યાગ પછી વ્યર્થનું નામ-નિશાન રહેશે નહીં.

- ઈચ્છાઓનો ત્યાગ
- વીતી ગયેલી વાતોના ચિંતનનો ત્યાગ
- અશુભ તથા બદલાની ભાવનાનો ત્યાગ
- સંગ્રહવૃત્તિનો ત્યાગ

કોઈપણ મહાન અવસ્થા ત્યાગ વિના પ્રાપ્ત થતી નથી. વસ્તુઓનો ઉપયોગ એનામાં આસક્તિ જન્માવે છે, કર્મેન્દ્રિયોનો રસ મનને સાંસારિકતા તરફ લઈ જાય છે, દૂષિત તથા નકારાત્મક વૃત્તિઓ મનુષ્યના મનને વિના કારણે ભટકતું કરી દે છે. પોતે ઉદાસ કેમ છે એની પણ એને ખબર હોતી નથી. એનો આનંદ ક્યાં ચાલ્યો ગયો તેની પણ તેને ખબર પડતી નથી અને આમ ધીરે ધીરે તે પુરુષાર્થહીનતા તરફ વળે છે.

એટલે યોગીઓનું જીવન ત્યાગ તથા તપસ્યાનું જ્વલંત ઉદાહરણ બને. આપણો સમય તથા શક્તિઓ હવે ઈશ્વરીય પ્રાપ્તિના સમયે જે જરૂરી નથી તેવી સાંસારિક પ્રાપ્તિઓ તરફ ન વળે. કારણ કે તે સૌનો હવે વિનાશ થવાનો છે.

આપણા ત્યાગનું તેજ વિકારોને નિસ્તેજ બનાવી દેશે. આપણો ત્યાગ સંસારને સંપન્નતાની તરફ લઈ જશે. આપણો ત્યાગ શ્રેષ્ઠ બળ બનીને મનુષ્યોની નિર્બળતા દૂર કરશે. આપણો ત્યાગ સંસારમાં ધર્મ તથા અધ્યાત્મની પુનઃસ્થાપના કરશે. એટલે ત્યાગ ભાવને ઘટવા ના દો.

આપણી સાધનાઓ સરળ છે, માત્ર મહાન લક્ષ્ય અને લગનનો અભાવ છે. બહાનાં કાઢવાં નિરર્થક છે. કર્મ કરવા છતાં આ સાધના કરી શકાય છે. પરંતુ જે સાચા દિલથી સાધના કરવા ઈચ્છે છે, તે જ કરી શકે છે.

આપણી સત્વરે એ જોઈ શકીશું કે જેઓએ પોતાની અવસ્થા વિદેહી બનાવી હશે, તેઓ જ સુખી રહેશે. તેઓ જ દાતા બની જશે, તેઓ ઈષ્ટદેવ બનીને સર્વને સહારો આપશે, એમના દ્વારા નીકળતાં આંદોલનો બીજાઓને સુરક્ષા તથા નિર્ભયતા આપશે. જેમણે પોતાની અણમોલ પળોને સંઘર્ષમાં જ વીતાવી હશે, જેમણે વ્યર્થ ચક્કરમાં ઈશ્વરીય પ્રાપ્તિને ભૂલાવી દીધી હશે. જેઓ તારા મારા યા માન-મહિમાના કુચક્રમાં જ ફસાયેલા હશે, જેમણે બીજાઓને પાડવા, ચઢાવવામાં સંગમયુગ પર પાપનું ખાતું વધાર્યું હશે અથવા જેઓ વિકારોને નષ્ટ કરી શક્યા નથી તો સરસવની જેમ ઘંટીમાં દળાઈ જશે. જેમણે ભગવાનના અવાજ પર ધ્યાન નહીં આપ્યું હોય, તેમનો અવાજ કોઈ સાંભળશે નહીં પછી પશ્ચાતાપનો અગ્નિ જ એમને પાપ-મુક્ત બનાવીને સંપૂર્ણતાની તરફ લઈ જશે.

એટલા માટે બુદ્ધિવાન આત્માઓને નિવેદન છે કે સમયની ગતિને ઓળખે, ખેલ પૂરાં થવાનો જ છે. સમયના પડકારો ઉપર ધ્યાન આપીને ભગવાનની એ પાલનાનો લાભ ઉઠાવીએ. માત્ર ઈશ્વરીય શક્તિ જ હવે સાચો સહારો બનશે. યોગીજનોએ તો એ સમયે ભગવાનના સાચા દૂત

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

# રક્ષાબંધન - એક પવિત્ર તહેવાર

બ્ર.કુ. ભાવના, ન્યુઝિલેન્ડ

ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં સમય પ્રતિ સમય આવતાં તહેવારો રોજિંદા જીવન વ્યવહારમાં વ્યસ્ત માનવીને વિશેષ ઉત્સાહ, આનંદ તેમજ ધર્મપરાયણતાની પ્રેરણા બક્ષે છે. ભારત વર્ષમાં ઉજવાતા અનેક તહેવારોમાં રક્ષાબંધન જ એક વિશેષ તહેવાર છે કે જે પવિત્ર સંબંધની યાદગારમાં ઉજવવામાં આવે છે. ખરેખર આ તહેવાર સાચો સ્નેહ, સાત્ત્વિક સંબંધ અને પવિત્રતાનાં પ્રતીકનો અનોખો તહેવાર છે.

પરંપરાગત ઊજવાઈ રહેલાં આ પર્વની સૂક્ષ્મતા કે તેનાં આધ્યાત્મિક રહસ્યને શું જાણીએ છીએ? કહેવાય છે કે સ્વતંત્ર મન બુદ્ધિ ધરાવતો મનુષ્ય સામાન્ય રીતે પોતાનાં જીવનમાં ક્યારેય કોઈ પણ પ્રકારનાં બંધનને ઈચ્છતો નથી. પછી તે તનનાં રોગનું બંધન હોય, ધનની અપ્રાપ્તિને કારણે આર્થિક બંધન હોય કે પછી પારિવારિક સંબંધોનું બંધન હોય. માનવજીવનમાં આવતી અનેક નાની-મોટી સમસ્યાઓ અને મનની મૂંઝવણોમાં અટવાયેલ માનવી તેનાથી મુક્ત થવા માટે હંમેશ પ્રયત્નશીલ હોય છે. તો પછી આ રક્ષાબંધનના બંધનથી બંધાવા માટે માનવમન કેમ આટલું આતુર બનતું હોય છે? કારણ રક્ષાબંધનનો તહેવાર સાંસ્કૃતિક કર્મબંધનની યાદગાર રૂપ નહીં પરંતુ ઈશ્વરીય બંધનનાં પ્રતીકનું પાવન પર્વ છે.

પ્રચલિત પ્રથા અનુસાર આજે સમાજમાં બહેનો સ્વયંની રક્ષાની સ્મૃતિ અપાવતાં ભાઈઓને રાખડી બાંધે છે. તથા તિલક પણ કરે છે. પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ જોતાં કહી શકાય કે નારી એ કન્યાવસ્થાના સમયે પોતાના પિતા દ્વારા અને લગ્ન બાદ પત્નીના રૂપે પોતાના પતિ દ્વારા રક્ષિત હોય છે. તો ભલા ભાઈ દ્વારા બહેનની રક્ષાનું આટલું મહત્ત્વ કેમ? શું એક મોટી બહેન પોતાના નાના ભાઈને, એક ધનવાન બહેન પોતાના ગરીબ ભાઈને એક પરદેશી બહેન પોતાનાથી દૂર રહેતા ભાઈને રક્ષા બાંધીને પોતાના રક્ષણની કોઈ પણ સલામતીની આશા શું તેનાં ભાઈ દ્વારા રાખી શકે ખરી? શું એક બહેનની પવિત્રતા અથવા સતીત્વની રક્ષા આજે સમાજમાં તેનાં પતિ પિતા કે શાસનકર્તા નહીં પણ શું એક તેનો માત્ર ભાઈ જ કરી રહેલ છે? આમ આ વિવિધ રસમવિધિને અગર વ્યક્તિ તટસ્થપણે વિવેક બુદ્ધિથી વિચારે તો અનેક પ્રશ્નો ઉદ્ભવી શકે છે.

ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં પણ રાખીનો પ્રચલિત રિવાજ પરંપરાગત લાગતો નથી. એ માનવું ક્યાં સુધી ઉચિત છે કે નારી આદિકાળથી જ અબળા હતી? યાદ કરો એ અંબા, દૂર્ગા, લક્ષ્મી, કાલી ઈત્યાદિ શક્તિઓને કે જેમની પાસેથી ભક્ત આજ સુધી સુરક્ષાની ઈચ્છા રાખે છે. એમને કોના રક્ષણની જરૂર હતી?

સૃષ્ટિના આદિ અર્થાત્ સતયુગમાં ધન સંપત્તિનો કોઈ અભાવ ન હતો. નર અને નારી બન્નેનાં અધિકાર સમાન હતા. એ સમાનતાના સ્મરણ રૂપે આજે પણ એ મૂર્તિઓ તથા ચિત્રોને સાથે જોવા મળે છે. જેમાં સતયુગી વિશ્વમહારાજન્ શ્રીનારાયણ અને વિશ્વ મહારાણી શ્રી લક્ષ્મીને સિંહાસન પર એક સાથે જ વિરાજમાન બતાવે છે. 'યથા રાજા રાણી તથા પ્રજા'ની ઉક્તિ અનુસાર એ કાળની બધી જ નારીઓ સન્માનિત તથા સુરક્ષિત હતી. થોડા સમય પૂર્વે જ પુરોહિતો

અથવા બ્રાહ્મણો દ્વારા પોતાનાં યજમાનોને રાખડી બાંધીને તિલક કરવાની પ્રથા પણ પ્રચલિત હતી. ઈતિહાસમાં પણ હિન્દુ સ્ત્રીઓ દ્વારા ભાઈ બનાવીને મુસલમાન ભાઈઓને રાખડી મોકલવાનાં ઉદાહરણો મળે છે. કુંતાએ પણ યુદ્ધની પ્રેરણા આપી તેના રક્ષણ માટે અભિમન્યુને રાખડી બાંધી હતી. આમ આ વૃતાંતોથી સ્વયં સ્પષ્ટ છે કે આ પર્વ માત્ર બહેનના પવિત્ર પ્રેમના યાદગારનો જ તહેવાર નહીં પરંતુ ઘણો જ શ્રેષ્ઠ આધ્યાત્મિક તહેવાર છે.

આ તહેવારના વિષયમાં એક શાસ્ત્રકથા છે કે યમે પોતાની બહેન યમુના પાસે રાખડી બંધાવતાં એમ કહ્યું હતું કે જે આ પવિત્રતાનું બંધન બાંધશે તે યમદૂતોના ભયથી મુક્ત બનશે. એક બીજી શાસ્ત્રકથા અનુસાર જ્યારે દેવરાજ ઈન્દ્ર પોતાનું દૈવી સ્વરાજ્ય હારી ગયા ત્યારે તેમણે ઈન્દ્રાણી દ્વારા એ પવિત્રતાની રાખડી બંધાવી હતી. જેના દ્વારા ઈન્દ્રે ખોવાયેલું સ્વરાજ્ય ફરી મેળવ્યું. આમ કહી શકાય કે આ તહેવારનો સંબંધ જીવનમાં શ્રેષ્ઠતા તથા નિર્વિકારિતા સાથે છે. તેથી જ તેને 'વિષતોડક' પર્વ પણ કહેવામાં આવે છે.

ખરેખર ! વાસ્તવિકતા જોતાં જણાય છે કે ફેશન, સિનેમા, માંસ, મદિરા વગેરે વ્યસનોને વશીભૂત તેમજ ચારિત્ર્યહીનતાની ચરમસીમા પર પહોંચેલા આ નિર્લજ્જ સમાજના ભાઈઓમાં એ પવિત્રતાનું બળ અને શક્તિ ક્યાં છે? કે જેઓ સ્વયંની અને સમાજની બહેનોનું રક્ષણ કરી શકે. કામવિકારની અતિમાં ખદબદતાં વર્તમાન સમયમાં સમાજની પ્રત્યેક નારીનું સતીત્વ શું સલામત છે? આજની દ્રૌપદી સમાન નારી જાતનું દુર્યોધન અને દુ:શાસન સમાન વિકારી મનુષ્યો દ્વારા ચારિત્ર્યપતન થઈ રહ્યું છે. તો વિચારો કે જ્યારે રક્ષક જ ભક્ષક બની જાય ત્યારે કોની રક્ષા કોનાથી થવાની?

એ તો સર્વમાન્ય છે કે સૃષ્ટિના સર્વ મનુષ્ય-આત્માઓનાં એક માત્ર સર્વશક્તિમાન કલ્યાણકારી, પતિત-પાવન, પારલૌકિક પરમપિતા પરમાત્મા જ સર્વની રક્ષા કરનારા છે, માટે જ ઈશ્વરની દુ:ખભંજન, તારણહાર, ખેવૈયા તથા રક્ષણહાર તરીકે મહિમા કરવામાં આવે છે. મનુષ્યો પરમાત્મા પાસેથી જ પ્રાણદાન તથા તન, મન, ધનના રક્ષણનું વરદાન માંગે છે. સૃષ્ટિચક્રમાં કળિયુગના અંતમાં એક એવો સમય પણ આવે છે કે સમગ્ર માનવ સમાજનું નૈતિક તથા ચારિત્રિક પતન થાય છે. મા બહેનોની લાજ ભયમાં આવી જાય છે, આવા ધર્મગ્લાનિના સમયમાં પરમપિતા પરમાત્મા નવી પાવન સતયુગી દૈવી સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય પ્રજાપિતા બ્રહ્મા દ્વારા કરાવે છે. કહેવત પણ પ્રસિદ્ધ છે કે બ્રાહ્મણ બ્રહ્માજીના મુખ દ્વારા ઉત્પન્ન થયા એનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે જ્ઞાનસાગર પરમાત્માએ બ્રહ્માના મુખથી જ્ઞાન સંભળાવીને જે મનુષ્ય આત્માઓને પતિતમાંથી પાવન બનાવ્યા તેઓ જ સાચા બ્રહ્મામુખ વંશાવલી બ્રાહ્મણ કહેવાયા. આ બ્રહ્માવત્સોમાં મુખ્યત: આધ્યાત્મિક બહેનોએ એ બધા પુરુષોને પવિત્રતાની રાખડી બાંધીને દૃષ્ટિથી પોતાની રક્ષા કરવા માટે સર્વ રક્ષક પરમાત્મા પિતાના સંરક્ષણમાં રહેવાની પ્રતિજ્ઞા કરાવી હતી. આમ રક્ષાબંધનનો તહેવાર એ આ મહત્ત્વપૂર્ણ વૃતાંતનો સ્મરણ દિવસ છે. એની યાદમાં જ દર વર્ષે બ્રાહ્મણો દ્વારા અથવા બહેનો દ્વારા રાખડી બાંધી તિલક કરવાની રસમ છે. તિલક એ આધ્યાત્મિક સ્મૃતિનું પ્રતીક છે. જેમાં સ્થિત રહેવાથી મનુષ્ય કામ વિકાર રૂપી મહાશત્રુ પર વિજય પ્રાપ્ત કરી શકે છે.

આમ પરંપરાગત મંતવ્ય અનુસાર આ તહેવાર ભાઈઓ દ્વારા બહેનોની રક્ષાનું પ્રતીક

**(અનુસંધાન પેજ નં. 21 પર)**

# ક્રોધમુક્ત બનો

## બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ

આજની દુનિયામાં મનુષ્ય વિકારોમાં ઘેરાયેલો છે, જે દુઃખ અને અશાંતિ આપે છે આ મુખ્ય વિકાર છે - કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર તથા એનાં બાળ બચ્ચાં જેવાં કે ઈર્ષા, દ્વેષ, છળ, કપટ, નફરત, ઠગાઈ, કટુતા, વૈર વિરોધ વગેરે વગેરે. આ સૌની એક લાંબી સૂચિ છે, જે સૌ જાણે છે. આમ તો દરેક વિકાર વિનાશકારી છે પરંતુ આજે આપણે ક્રોધ પર ચર્ચા કરીશું. જેની દુનિયામાં બોલબાલા છે. અને ક્રોધે પોતાનો સિક્કો દરેક જગ્યાએ ચલાવ્યો છે. ક્રોધથી કોઈપણ માનવ બાકાત નથી. જ્યાં તેનો પ્રભાવ ના હોય. પછી ભલે કોઈ વર્ગ હોય, ક્ષેત્ર હોય યા કોઈ બાળકો નવજવાન યા વૃદ્ધ હોય, ક્રોધથી કોઈ બચી શકતું નથી.

ક્રોધ મનમાં હિંસાભાવથી આવે છે મનની સમતુલા બગડવાથી ક્રોધ આવે છે. પછી માનસિક સ્થિતિ બગડે છે. જ્યાં અહંકાર, સ્વાર્થ, ઈર્ષા, ઈચ્છાઓ અને કામનાઓ હોય છે ત્યાં ક્રોધનો જન્મ થાય છે. ક્રોધનો જન્મ આત્મબળની કમજોરીથી થાય છે. જીવનના અનેક ક્ષેત્રોમાં ઉઠનાર 'ક્યોં' શબ્દ પણ ક્રોધને જન્મ આપે છે. જેમ કે - એણે મારો આદેશ કેમ નહીં માન્યો, આપે આ કામ આવું કેમ કર્યું, એણે મને શા માટે કહ્યું વગેરે વગેરે

### ક્રોધ કેમ આવે છે?

જ્યારે ઈચ્છાપૂર્તિ ન થાય, જેવું ઈચ્છીએ છીએ તેવું ન થાય, મનમાં હિંસાભાવ યા બદલો લેવાની ભાવના હોય, તો ક્રોધ આવે છે. કોઈ વ્યક્તિ સાથે લડાઈ, ઝઘડો થયો હોય, વેપારમાં દગો કર્યો હોય, આપની કોઈ ભરી સભામાં બેઈજ્જતી કરી હોય યા નિંદા કરી હોય યા આપની વિરુદ્ધ કોઈએ કોઈ કામ કર્યું હોય તો એનો ચહેરો જોતાં જ આપને ગુસ્સો આવે છે. કેટલાક મનુષ્યો ઘરમાં બાળકો પર બહુ ગુસ્સો કરે છે. કારણકે બાળકો સારી રીતે ભણતાં નથી. મા-બાપની આજ્ઞા નથી માનતા, યા ખરાબ સોબતે ચઢી ગયા હોય છે.

મનુષ્યોને કોઈ વસ્તુઓની પ્રાપ્તિ ન થાય, વસ્તુની ઈચ્છાપૂર્તિ ન થવાને કારણે યા પોતાના સ્વભાવ-સંસ્કારોના કારણે પણ ક્રોધ આવે છે. ભયાનક પરિસ્થિતિને કારણે યા નુકસાન થવાના કારણે મનુષ્યને ગુસ્સો આવે છે. દેહ-અભિમાન અને અન્ય વિકારો પણ ક્રોધનું કારણ છે.

### ક્રોધની ઓળખ, કાર્ય અને અસર

ક્રોધી મનુષ્યનો ચહેરો લાલ થઈ જાય છે. આંખો લાલ થઈ જાય છે. હોઠ ફફડવા લાગે છે. જબાન થોથવાય છે, જોશ ભરેલા અવાજમાં બોલે છે, રૂંવાડાં ખડાં થઈ જાય છે. આંગળી બતાવીને વાતો કરે છે. વાળ ખેંચવા લાગે છે અપશબ્દનો પ્રયોગ કરે છે. શ્વાસ ફૂલી જાય છે. પોતાનાં કપડાં ફાડવા લાગે છે. સૂતી વખતે દાંત કચકચાવે છે. એની ભોજન કરવાની રીત વિચિત્ર હોય છે. ક્રોધથી મનુષ્ય વિવેક ગુમાવી બેસે છે. પાગલ જેવો થઈ જાય છે મનની સમતુલા બગડી જાય છે. નાની નાની વાતમાં પણ ભડકે છે. જોશમાં હોશ ગુમાવી બેસે છે. તે એવાં એવાં કાર્ય કરે છે તેથી પાછળથી પસ્તાવું પડે છે. મનમાં જેવા વિચાર આવે છે તેવી જ ભાવના બને છે. ક્રોધથી મનુષ્ય સારી રીતે કાર્ય

કરી શકતો નથી ક્રોધથી વાયુમંડળમાં ક્રોધનાં પ્રકંપન ફેલાય છે. જે બીજાઓ ઉપર પ્રભાવ પાડે છે. ક્રોધથી મનુષ્ય પોતે પણ સળગે છે અને બીજાઓને પણ સળગાવે છે. માનસિક સ્થિતિ બગડવાને કારણે પાગલો જેવી હરકતો કરે છે. જેને Temporary madness કહે છે.

ક્રોધમાં મનુષ્યની બુદ્ધિ બહેર મારી જાય છે. અને ખોટાં ખોટાં કાર્યો કરે છે. ક્રોધને રાક્ષસવૃત્તિ પણ કહે છે. ક્રોધ વિનાશની એક ચિનગારી છે. જે ખુશી ઝૂંટવી લે છે. જે પ્રભુ પ્રાપ્તિમાં બાધક છે. ક્રોધ મનુષ્યનું નૈતિક પતન કરે છે. બુદ્ધિને આસુરી બનાવી દે છે. લડાઈ, ઝઘડાઓ વધે છે. અદાલત અને જેલમાં મોકલે છે. ક્રોધ પ્રેમભાવ સમાપ્ત કરીને દુશ્મની વધારે છે. તનાવ અને ચિંતાઓને જન્મ આપે છે. ભાઈ-ભાઈની ભાવના ખતમ કરે છે અને માનવતાને નફરતમાં બદલી દે છે. ક્રોધ એવી અગ્નિ છે. જે પહેલાં સળગે છે પછી ધૂમાડો કરે છે. એક દિવસ અચાનક આગ ભભકી ઉઠે છે. જે નકારાત્મક વિચારોથી થાય છે. જે ઘરમાં ક્રોધનો વાસ હોય છે એનાં સુખ, શાંતિ, પ્રેમ, સંતુષ્ટતા, મધુરતા, દયા જેવા ખજાનાને ખાલી કરી દે છે. કહેવાય છે જે ઘરમાં ક્રોધ હોય છે તેના ઘરનું માટલું પણ સૂકાય જાય છે. જો ઘરનો કોઈ વૃદ્ધ આદમી ક્રોધમાં સળગે છે તો તે ઘરની ખુશાલી ખતમ થઈ જાય છે. આખો પરિવાર એનાથી ડરે છે. ક્રોધ બુદ્ધિનો પરમ શત્રુ છે. ક્રોધથી મનુષ્યની નિર્ણયશક્તિ સમાપ્ત થઈ જાય છે. જ્યારે ક્રોધ આવે છે ત્યારે બુદ્ધિને મૂઢ બનાવે છે. ક્રોધ મન, મસ્તિષ્કને કમજોર બનાવે છે. અધિકારી કહે છે કે ઓફિસ સ્ટાફ ગુસ્સો કર્યા વગર સારું કામ કરતા નથી, એટલે ગુસ્સો કરવો પડે છે. શું આપે કદી વિચાર્યું છે કે કાર્યકર્તાઓની ભાવના પર કેવી અસર થાય છે? પ્રેમભાવથી કામ કરાવવાથી પરિણામ સારું આવે છે. અને એમાં કલ્યાણ સમાયેલું છે. આપની શક્તિ પણ વ્યર્થ જતી નથી. કેટલાક મનુષ્યો એ તો ક્રોધને પોતાનો સ્વભાવ બનાવી લીધો છે. ક્રોધ પણ કામવિકારની જેમ બહુ ઘાતક છે. ક્રોધ નકારાત્મક ઊર્જાથી આવે છે. ક્રોધ મૂર્ખતાથી શરૂ થાય છે. અને પશ્ચાતાપમાં સમાપ્ત થાય છે. જ્યારે આપ ક્રોધ કરો છો ત્યારે માત્ર આપનો ચહેરો જ બગડતો નથી પણ સંબંધ બગડે છે. ક્રોધ એક પ્રકારનું ભૂત છે. ક્રોધનું ભૂત એવું છે કે ભગવાનનો પણ સામનો કરવામાં મોડું કરતા નથી. શ્રીમદ્ ભગવત્ ગીતામાં ક્રોધને મહાવેરી કહેવામાં આવ્યો છે જે મનુષ્યની બુદ્ધિનો નાશ કરી દે છે.

## ક્રોધની અસર

ક્રોધની અસર મનુષ્ય પર 72 કલાક સુધી રહે છે. જે તનાવ વધારે છે અને શરીર નાડીતંત્ર પર ખરાબ પ્રભાવ પાડે છે. ક્રોધની અસર આપણા લોહી, ધબકારા, દિલ અને દિમાગ પર પડે છે. જેનાથી અનેક પ્રકારની બીમારીઓ જન્મ લે છે. જેમ કે બ્લડ પ્રેશર, હૃદયરોગ, અલ્સર તથા માનસિક રોગ. ક્રોધથી પાચનક્રિયા ક્ષીણ થાય છે. ક્રોધ મનુષ્યની ગ્રંથિઓ પર પણ અસર કરે છે. જેનાથી તે સારી રીતે કામ કરી શકતો નથી. ક્રોધની કોઈ સમયસીમા નથી. ક્રોધ ગમે ત્યારે આવી શકે છે. ક્રોધની કોઈ ઉંમર હોતી નથી. ક્રોધ 5 વર્ષના બાળકને પણ આવે છે અને 90 વર્ષના વૃદ્ધને પણ આવે છે. ક્રોધ પોતાની અસર દૈહિક સંબંધોમાં પણ બતાવે છે.

## ઐતિહાસિક ઉદાહરણ

એ તો સત્ય છે કે કોઈને કોઈ વાત કે ઘટનાને લઈને લોકોએ ક્રોધ કર્યો છે પોતાનું રાજ્ય, રાજ્યની જનતાને પણ ગુમાવી છે અને મૃત્યુ મેળવ્યું છે.

મહાભારતમાં એક નાનીશી વાતને લઈને દુર્યોધન ગુસ્સે થઈ ગયો અને એ ક્રોધને કારણે જ પોતાનું રાજ્ય પરિવારજન અને પ્રજાને ગુમાવી હતી. રામાયણમાં વર્ણન છે કે રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. કહેવાય છે કે રાવણ ઘણો બુદ્ધિવાન અને બળવાન હતો. દેહ અભિમાન તથા ક્રોધને કારણે જ એનું રાજ્ય (લંકા) ખતમ થઈ ગયું. અને તે મૃત્યુ પામ્યો. શ્રીમદ્ ભગવત ગીતામાં લખ્યું છે કે કંસ પોતાની બહેન દેવકીને એના સાસરે છોડવા જઈ રહ્યો હતો રસ્તામાં આકાશવાણીએ કંસને કહ્યું કે દેવકીનો આઠમો પુત્ર તને મારશે. આ વાણી સાંભળતાં જ ક્રોધમાં આવીને કંસ તલવાર લઈને દેવકીને મારવા તૈયાર થઈ ગયો પરંતુ દેવકીના પતિએ વચન આપ્યું કે દેવકીને જેટલાં સંતાન થશે. તે કંસને આપીશું. કંસે એ બંનેને જેલમાં પૂર્યા. ક્રોધને કારણે જ કંસનું મૃત્યું થયું.

ક્રોધને સમાપ્ત કરવો છે તો પ્રતિજ્ઞા કરો કે આપણે ઘર-ઘરમાં પ્રેમ, શાંતિ, ખુશીની સરિતા વહાવીશું. અપમાન, નિંદા કરનારાઓને ક્ષમા કરીશું.

શિવ પરમાત્મા ભારત પર ગુપ્ત રૂપથી અવતરિત થયા છે. તેઓ મનુષ્ય સૃષ્ટિના આદિ, મધ્ય, અંતનું શિક્ષણ આપી રહ્યા છે અને રાજયોગ શીખવાડી રહ્યા છે. આપ પરમાત્માને સર્વ વિકારોનું દાન કરો. એમાં આપનું કલ્યાણ સમાયેલું છે. શિવ પરમાત્મા કલ્યાણકારી છે. પોતાના સ્વધર્મને યાદ કરો કે હું શાંત સ્વરૂપ આત્મા છું. પોતાના ઘર (પરમધામ)ને યાદ કરો કે હું આત્મા શાંતિધામનો રહેવાસી છું. પોતાના પિતાને યાદ કરો કે હું શાંતિના સાગરનું સંતાન છું. ત્યારે ક્રોધ કઈ રીતે આવી શકે? રાજયોગનો અભ્યાસ કરો જે ક્રોધ દૂર કરવાની સંજીવની છે રાજયોગનું શિક્ષણ મેળવવા આપની નજીકના બ્રહ્માકુમારી સેન્ટર પર જાઓ જ્યાં વિના મૂલ્યે જ્ઞાન, યોગનું શિક્ષણ આપવામાં આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 22નું અનુસંધાન)...કાઉન્સેલીગ દ્વારા**

એકદમ પરફેક્ટ હતું. પછી એમણે મારું કાઉન્સેલીંગ શરૂ કર્યું. મને લક્ષ્ય આપ્યું કે મારે 3 મહિનામાં સાજા થવાનું છે. તેઓ જે હોમવર્ક આપે તે મારે દૃઢતાથી કરવાનું છે. દરરોજ એક કલાક ફોન પર કાઉન્સેલીંગ લેવાનું છે. હવે 110 દિવસમાં હું સંપૂર્ણ રીતે સાજો થઈ ગયો છું. ધન્યવાદ, રાજયોગી સુધાકરભઆઈ જેઓએ મને મનોરોગમાંથી સાજો કર્યો. **॥ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 18નું અનુસંધાન)... રક્ષાબંધન**

માનવામાં આવે છે. પરંતુ ઉપરોક્ત વિવરણથી એ સત્યતા સામે આવે છે કે વાસ્તવમાં આ પર્વ બહેનો દ્વારા પોતાના ભાઈઓની પવિત્રતા માટે આ પ્રતિજ્ઞા કરવાનું પ્રતીક છે કે તેઓ બધી જ સ્ત્રીઓને પોતાની સગી બહેન સમજે. આમ જ્યારે બધી જ સ્ત્રીઓને પોતાની સગી બહેન માનીશું ત્યારે એ બહેનો લાજ સુરક્ષિત રહેશે.

આ રક્ષાબંધનના પાવન પર્વનું સ્વયં પરમાત્માએ બતાવેલ આ આધ્યાત્મિક રહસ્યને જાણી ચાલો આપણે સૌ પણ એ પવિત્રતાના મહાનબંધનમાં સ્વયંને બાંધીને આ દુર્લભ એવા અંતિમ જન્મને શ્રેષ્ઠ બનાવીએ અને વિશ્વ-પરિવર્તનના આ દિવ્ય કર્તવ્યમાં પરમાત્મા પિતાના સહયોગી બનીએ. આ જન્મમાં અને ભવિષ્યનાં અનેક જન્મોમાં અવિનાશી સુખ શાંતિ સંપન્ન જીવનને પ્રાપ્ત કરીએ. એ પ્રભુપિતાનો દિવ્ય સંદેશ પણ યાદ રહે. 'પવિત્ર બનો યોગી બનો.'

**॥ ઓમશાંતિ ॥**

# કાઉન્સીલીંગ દ્વારા મનોરોગોમાંથી મુક્તિ

## પ્રેષક - બ્ર.કુ. સુધાકરભાઈ દવે, શાંતિવન, આબુરોડ

મારું નામ આલોક શર્મા છે. હું મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લામાં રહું છું. હું અને મારી યુગલ 4 વર્ષથી જ્ઞાનમાં ચાલીએ છીએ. ઘણી બાધાઓ રાખ્યા બાદ મારો જન્મ થયો હતો એ કારણે માતા-પિતા મારું બહુ ધ્યાન રાખતાં હતાં. એમને જણાવ્યા વિના હું કંઈ કરતો નહોતો. મારો પરિવાર પણ મારા પિતાજી કહે તેમ ચાલતો હતો. પિતાજીના રાજકીય વ્યક્તિઓ સાથે સંબધો હતા તેથી એમનું ઘર તરફ ધ્યાન રહેતું નહોતું. મારી માતાનો સ્વભાવ પક્ષપાતી હતો. તે મારાં ભાઈ-બહેન તરફ વધારે ધ્યાન આપતી હતી જ્યારે મારા તરફ ધ્યાન આપતી નહોતી.

ભણવામાં હું હોંશિયાર હતો એટલે મને ઘર બહાર હોસ્ટેલમાં રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. પણ મને બહાર રહેવાનો અનુભવ ન હોવાને કારણે હું હોસ્ટેલમાં રહી ના શક્યો. ત્યાંથી પાછો ઘેર આવ્યો. ગામમાં પાછા આવ્યા પછી મારા મનમાં કમજોરી થવા લાગી. આત્મ વિશ્વાસનો પણ અભાવ જોવા મળ્યો.

એ દિવસોમાં હું અગિયારમાં ધોરણમાં ભણતો હતો. મનમાં કમજોરીને કારણે હું એકલો રહેતો હતો. વધારે લોકોમાં ભળી જતો નહોતો. એ દરમિયાન કદાચ એકલવાયાપણાને લીધે મને કંઈક આભાસ થવા લાગ્યો. આભાસ આગળ જતાં શંકા અને દૃષ્ટિભ્રમમાં પરિવર્તિત થયો.

મને ડોક્ટરની પાસે લઈ જવામાં આવ્યો. મને હોસ્પિટલમાં દાખલ કર્યો. દવાઓ ચાલુ કરવામાં આવી. મને શોક ટ્રીટમેન્ટ આપવામાં આવી. પછી સામાન્ય થઈ ગયો. શોક ટ્રીટમેન્ટને કારણે અમે બીજા શહેરમાં ટ્રીટમેન્ટ ચાલુ રાખી. ત્યાં મને ઈંજેક્શન આપવામાં આવતું હતું. 3 મહિના પછી એનું ફોલોઅપ હતું. હું ઉપર ઉપરથી તો ઠીક થઈ ગયો. પણ સૂક્ષ્મ માનસિક બીમારી બહુ હતી. મારામાં વ્યવહાર જ્ઞાન નહોતું. હું થોડો સમય જ લોકોમાં ભળતો. 25 વર્ષની ઉંમરમાં હું 13 વર્ષનો હોઉં એવો વ્યવહાર કરતો હતો.

35 વર્ષની ઉંમરમાં હું પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંપર્કમાં આવ્યો. સેવાકેન્દ્રોના કાર્યક્રમોમાં હાજરી આપતો. ઈશ્વરીય પરિવારમાં આવ્યા પછી મને બહુ જ શાંતિની અનુભૂતિ થવા લાગી. એ દરમિયાન મને બ્રહ્માકુમારીના મુખ્યાલય માઉન્ટ આબુ જવાની તક મળી શિવબાબાની ટચીંગથી શાંતિવનમાં બ્ર.કુ. ભગવાનભાઈ સાથે વાત થઈ. તેઓ જ્ઞાનામૃત પ્રેસમાં સેવા આપતા હતા. એમણે મારી વાતોથી મારી આંતરિક સ્થિતિ સમજી લીધી. એમણે મને સ્પિરિચ્યુઅલ કાઉન્સેલર અને પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક રાજયોગી સુધાકર દવેજી સાથે મુલાકાત કરાવી. તેઓ દવા વિના અને ખર્ચ વિના માનસિક બીમારી ઓછી કરે છે.

રાજયોગી સુધાકરભાઈને મળ્યા ત્યારે મને OCD, Depression, આંખો સામે વ્યક્તિ હોય તેવો ભાસ થવો, હંમેશા બીજા લોકોના પ્રભાવમાં રહેવું, ચીડિયાપણું, જિદ્દી સ્વભાવ, વ્યર્થની ગરબડ, નકારાત્મક વિચાર વર્તમાનનું ધ્યાન ન રાખવું, આળસ, આત્મવિશ્વાસનો અભાવ, બાળક જેવું વર્તન આ માનસિક રોગોનાં લક્ષણ છે. રાજયોગી સુધાકરભાઈએ મારી બીમારીનું વિશ્લેષણ કર્યું. મને કઈ બીમારી છે તેનું નિદાન કર્યું. મને આશ્ચર્ય થયું કે જે નિદાન કરેલું છે તે

(અનુસંધાન પેજ નં. 21 પર)

# પ્રસંગ પરિમલ

## નિષ્ઠાપૂર્વક કર્મ

કૌશિક નામનો એક બ્રાહ્મણ ઘણો તપસ્વી હતો. તપના પ્રભાવથી એનામાં ઘણું આત્મબળ આવ્યું હતું. એક દિવસ તે વૃક્ષની નીચે બેઠો હતો. વૃક્ષ ઉપર બેઠેલું પક્ષી એના ઉપર ચરકી ગયું. કૌશિકને ક્રોધ આવી ગયો. લાલ નેત્રથી ઉપર જોયું તો તેજના પ્રભાવથી પક્ષી સળગીને નીચે પડ્યું. બ્રાહ્મણને પોતાના બળનું અભિમાન થયું.

બીજા દિવસે તે એક સદ્‌ગૃહસ્થના ત્યાં ભિક્ષા માગવા ગયો. ગૃહસ્વામિની પતિને ભોજન પીરસવામાં રોકાયેલી હતી. એણીએ કહ્યું, 'ભગવાન થોડી રાહ જુઓ પછી આપને ભિક્ષા આપીશ.' આ બાબત બ્રાહ્મણને ક્રોધ આવ્યો કે મારા જેવા તપસ્વીની ઉપેક્ષા કરીને ગૃહસ્વામિનીએ દિવ્યદૃષ્ટિથી બધી વાત જાણી લીધી. એણીએ બ્રાહ્મણને કહ્યું, 'ક્રોધ ના કરો. હું પક્ષી નથી. મારું કામ પૂરું કર્યા પછી સેવા કરીશ.' બ્રાહ્મણ ક્રોધ કરવાનું તો ભૂલી ગયો પણ તેને આશ્ચર્ય એ વાતનું થયું કે પક્ષીની વાત આ ગૃહસ્વામિનીએ કઈ રીતે જાણી. બ્રાહ્મણીએ એના પતિની સેવાનું ફળ જણાવ્યું. આ સંબંધમાં વધુ જાણવું હોય તો મિથિલાપુરીમાં તુલાધાર વૈશ્ય પાસે જાઓ. તે આપને વધુ જણાવી શકશે.

ભિક્ષા લઈને બ્રાહ્મણ મિથિલાપુરીમાં તુલાધાર વૈશ્યને ત્યાં ગયો. તે તોલમાપના કામમાં વ્યસ્ત હતો. એણે બ્રાહ્મણને જોતાં જ પ્રણામ અભિવાદન કર્યાં અને કહ્યું, 'તપોધન કૌશિકદેવ, આપને એ સદ્‌ગૃહસ્થ ગૃહ સ્વામિનીએ મોકલ્યા છે તે સારી વાત છે. હું મારું કર્મ પૂરું કરીને તમારી સેવા કરીશ.' બ્રાહ્મણને ઘણું આશ્ચર્ય થયું કે મારા જણાવ્યા વિના મારો અહીં આવવાનો હેતુ અને નામની ખબર કઈ રીતે પડી. કામથી પરવારીને એણે કહ્યું કે હું ઈમાનદારી સાથે ઉચિત નફો મેળવીને સારી ચીજો લોકહિતની દૃષ્ટિએ વેચું છું. આ નિયત કર્મ કરવાથી મને આ દિવ્યદૃષ્ટિ મળી છે. વધારે જાણવું હોય તો મગધના નિજાતા ચાંડાલની પાસે જાઓ. કૌશિક મગધ ચાલ્યો ગયો. તે ચાંડાલના ઘેર પહોંચ્યો. તે નગરની સફાઈ કરી રહ્યો હતો. બ્રાહ્મણને જોઈને ચાંડાલે સાક્ષાત પ્રણામ કર્યા અને કહ્યું, 'આપે પક્ષીને મારવા માટે જેટલું તપ કર્યું એ સદ્‌ગૃહસ્થ દેવી અને તુલાધાર વૈશ્યને ત્યાં થઈને અહીં પધાર્યા તે મારું સદ્‌ભાગ્ય છે. હું નિયત કરી લઉં ત્યાં સુધી વિશ્રામ કરો.

ચાંડાલ જ્યારે સેવાકાર્યથી પરવાર્યો તો એને પોતાની સાથે લઈ ગયો. એનાં વૃદ્ધ માતાપિતાને બતાવીને કહ્યું, 'હવે મારે એમની સેવા કરવાની છે. નિયત કર્મોમાં સતત જોડાયેલો રહું છું. એનાથી મને દિવ્યદૃષ્ટિ મળી છે.'

ત્યારે કૌશિકની સમજણમાં આવ્યું કે માત્ર તપ સાધનાથી નહીં, નિયત કર્તવ્ય, કર્મ નિષ્ઠાપૂર્વક કરવાથી આધ્યાત્મિક લક્ષ્ય પૂરું થઈ શકે છે અને સિદ્ધિઓ મળે છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 16નું અનુસંધાન)... વિદેહી બનો**

બનીને અલૌકિક પાર્ટ બજાવવાનો છે. એમણે તો બીજાઓના મનનો પોકાર સાંભળીને એને મદદ કરવાની છે. આવા મહાન કાર્ય માટે નિમિત બનનાર આત્માઓ શું કરી રહ્યાં છે?

**॥ ઓમશાંતિ ॥**

# જ્ઞાન મુરલી - વિશ્વ નાટકના સર્વ અદ્ભુત રહસ્યોની ખાણ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ.

જ્ઞાન મુરલીમાં પરમાત્મા શિવ પિતાએ ઘણા રહસ્ય ખોલ્યા છે. જેમાંથી બે જ્ઞાન બિંદુ (1) જ્ઞાનની સત્યતાનું રહસ્ય (2) નિશ્ચય બુદ્ધિ વિજયંતીનું રહસ્ય પર ચર્ચા કરી. આજે બીજા રહસ્યોની ચર્ચા કરીશું.

### પરમાત્માનું રહસ્ય

પરમાત્માનો ભાવ છે જે આત્મા પરમ છે તે અર્થાત્ જે સર્વોપરી છે તે આત્મા. ભક્તિમાં પરમાત્માનો યથાર્થ મહિમા કે પરિચય ન હોવાને કારણે આપણે ખૂબ મહેનત કર્યા પછી પણ અલ્પકાળની જ પ્રાપ્તિ કરી શક્યા. કોઈ કહે પરમાત્મા નિર્ગુણ નિરાકાર છે તો કોઈ કહે પરમાત્મા તો સગુણ સાકાર છે. કોઈ કહે છે કે પરમાત્મા તો દસ અવતાર લે છે તો કોઈ કહે છે ચોવીસ અવતાર લે છે. કોઈ કહે છે પરમાત્મા તો ધર્મગ્લાનિના સમયે જન્મ લે છે કે અવતરિત થાય છે તો કોઈ કહે છે કે પરમાત્મા તો સર્વવ્યાપી છે. અનેક મત મતાંતર વચ્ચે પરમાત્મા આવીને પરમાત્માનું રહસ્ય પોતે જ ખોલે છે કે **'હું પણ તમારી જેમ જ એક આત્મા છું. પણ હું આત્મા બીજા આત્માઓથી વિશેષ છું. માટે જ મને પરમાત્મા કહેવામાં આવે છે.'**

પરમાત્માની વિશેષતા શું છે? તેઓ અન્ય આત્માઓ કરતા ભિન્ન કેવી રીતે છે? તેઓનું કર્તવ્ય શું છે? બધા રહસ્ય પરમાત્માએ પોતે જ ખોલ્યા છે.

### પરમાત્મા શિવ પિતા કહે છે...

- હું જ્યોતિ બિંદુ છું. કલ્યાણકારી છું. મંગલકારી છું. તેથી જ મારું નામ શિવ છે...
- હું નિરાકાર છું છતાં આત્માઓનો મુક્તિ-જીવનમુક્તિ દાતા છું.
- હું સર્વવ્યાપી નથી. પણ હું પરમધામ નિવાસી છું. કલ્પ-કલ્પ-કલ્પના અંતે સંગમયુગમાં બ્રહ્માના શરીરમાં પધરામણી કરી સ્થાપના, વિનાશ અને પાલનાનું કર્તવ્ય કરું છું.'

પરમાત્મા સર્વ જ્ઞાન-ગુણો-શક્તિઓનો સાગર છે. તેઓની કલ્યાણમયી દૃષ્ટિ દરેક આત્માઓ ઉપર છે. તેઓની દૃષ્ટિમાં અકલ્યાણ, ભેદભાવ કે અન્યાય નથી. પરમાત્મા માટે કહ્યું છે કે ભગવાનના ઘરમાં દેર છે પણ અંધેર નથી.

પરમાત્મા નિરાકાર છે એનો અર્થ એવો નથી કે પરમાત્માને કોઈ આકાર જ નથી. નિરાકારનો ભાવાર્થ એ છે કે પરમાત્મા મનુષ્યાત્માઓની જેમ ગર્ભથી પાંચ કે ત્રણ તત્ત્વનું શરીર અથવા આકાર ધારણ કરતા નથી. પરમાત્માનું નામ પણ છે, કર્તવ્ય પણ છે તો આકાર પણ છે.

### પરમાત્મા સર્વવ્યાપી નથી.

સર્વવ્યાપીનો અર્થ થાય છે કે પરમાત્મા કણ-કણમાં વસે છે. જો પરમાત્મા બધે જ વસે છે તો પછી પરમાત્માને આવવાની શું જરૂર છે? વળી તેઓ સર્વવ્યાપી છે તો પછી તેમના ગુણો પણ સર્વવ્યાપ્ત હોવા જોઈએ ને! પરંતુ એવું ક્યાં જોવા મળે છે કે અનુભવ થાય છે? હા એ વાત સાચી છે કે પરમાત્માની એ તાકાત છે કે તેઓ દુનિયામાં ગમે ત્યાં, ગમે તે બાળકને આકારી બ્રહ્મા સ્વરૂપમાં, નિરાકાર સ્વરૂપમાં અનુભવ કરાવી શકે છે. મદદ કરી શકે છે. એ તો સર્વશક્તિમાન છે. સર્વજ્ઞ છે.

અને આ કર્તવ્યો માટે તેઓને સર્વવ્યાપક હોવું જરૂરી નથી. તેઓ સૂક્ષ્મ હોવાના કારણે એક સેકન્ડથી પણ ઓછા સમયમાં ગમે ત્યાં પહોંચી શકે છે. વાસ્તવમાં જોવા જઈએ તો દુનિયામાં કોઈ પણ વસ્તુ સર્વવ્યાપી નથી. કારણ કે દરેક તત્ત્વનું એક પરમાણું હોય છે. વિચારવા જેવી વાત તો એ છે કે એક પરમાણું બીજામાં કેવી રીતે વ્યાપ્ત હોઈ શકે? બે પરમાણુ એક સાથે રહી શકે છે પણ એક-બીજામાં વ્યાપ્ત તો નહીં જ થાય ને !

### પરમાત્મા સર્વજ્ઞ છે, જાની-જાનનહાર નથી.

પરમાત્માએ સર્વજ્ઞ અને જાની-જાનનહારનું રહસ્ય ખોલ્યું છે. આ બંને શબ્દોના અર્થમાં ખૂબ જ અંતર છે. પરમાત્મા કહે છે કે હું સૃષ્ટિના આદિ-મધ્ય-અંતના જ્ઞાનને જાણું છું. તેથી હું સર્વજ્ઞ છું પણ જાની-જાનનહાર નથી. કારણ કે હું કોઈ અલ્પકાળની સિદ્ધિવાળાની જેમ પોતાની શક્તિથી મનની વાત કે કોઈ છુપાયેલી વસ્તુને જાણતો નથી. હું તો ડ્રામા અને કર્મના વિધિ-વિધાનને જાણું છું.

પરમાત્મા સર્વવ્યાપી નથી પરંતુ તેઓ આ સૃષ્ટિનું પૂરેપૂરું જ્ઞાન ધરાવે છે. તેથી તેઓ એક સ્થાનેથી દુનિયાના કોઈ પણ સ્થાનની બાબત કે વિષયને જાણે છે. પરમાત્મા ડ્રામાના સંપૂર્ણ જ્ઞાતા હોવાના કારણે તેઓને કોઈના હૃદયમાં ડોકિયું કરવાની આવશ્યકતા નથી. પરમાત્મા તો કહે છે. **'એ ક્યારેય વિચારશો નહીં કે હું બધું જ જાણું છું. બાપને જાણવાની શી આવશ્યકતા છે! જે જેવું કર્મ કરશે તેવું પામશે. હું સાક્ષી બનીને બધું જ નિહાળું છું.'** પરમાત્મા સર્વજ્ઞ છે તેથી જ તેઓ કહે છે કે રહેમ દિલ બાપ છે. દરેક બાળકોના હૃદયના ધબકારા કે મનના સંકલ્પોનો ચાર્ટ બાપની સામે હોય છે. કોણ ક્યારે શું કરે છે. તિથિ-સ્થાન-સમય અને શું-શું કર્યું બધું જ બતાવી શકું છું. પરંતુ બધું જ જાણ્યા પછી પણ અજાણ્યો છું. જો હું ના જાણતો હોત તો સુખ અને દુઃખનું ફળ કેવી રીતે આપત? બધું જ જાણું છું પરંતુ આખો દિવસ બેસીને સંભળાવવાનું કામ હું ના કરું. તેથી કોઈ ગફલત ના કરશો. સત્ય હોય તે કહી દેશો.'

### બે જ્ઞાન બિંદુના રહસ્યને જાણ્યા પછી

1. આપણે પરમાત્મા શિવ પિતાને યથાર્થ રૂપમાં યાદ કરવા જોઈએ.
2. તેમને યથાર્થ અનુભવ કરવા માટેની ભિન્ન-ભિન્ન યુક્તિઓ અપનાવવી જોઈએ.
3. પરમાત્મા કલ્પમાં એક જ વાર આવે છે તેથી તેઓને યથાર્થ યાદ કરી પરમાત્મા પાસેથી ભરપૂર મદદ લેવી જોઈએ.
4. પરમાત્માની જેમ સર્વ શક્તિમાન બનવા પુરુષાર્થ કરવો જોઈએ.
5. પરમાત્માને સચ્ચાઈથી તન-મન-ધન-જનનો યથાર્થ પરિચય આપવો જોઈએ. કોઈ પણ વાત છુપાવવી જોઈએ નહિ.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 27નું અનુસંધાન)... દિવ્યદર્શન**

તીર્થ બનાવી સર્વ આત્માઓની સેવાઓના દ્વાર ખોલી દીધા. છેલ્લે છેલ્લે થોડા વર્ષો દાદીજી બહુ જ ઉપરામ સ્થિતિમાં સ્થિત થઈ ગયા હતા. ગહન તપસ્યા કરી, વિકર્માજીત, પ્રકૃતિજીત, કર્માતીત બાપસમાન અવ્યક્ત ફરિસ્તા બની, અવ્યક્ત વતનવાસી તેઓ બની ગયા. દાદીજી આપને હૃદયના પુષ્પોથી શત્ શત્ નમન... સ્નેહ સુમન અર્પણ...

ગીત -

તેરા વો પ્યાર હૈ દાદી, વો સમજાયા નહીં જાતા,
બરસ જા તો હૈ નયનો સે,
વો બતલાયા નહીં જાતા....

## દિવ્યદર્શન

# પ્રકાશપુંજ - દાદી પ્રકાશમણિજી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ઈ.સ. 1936માં ઓમ મંડળી નામથી ચાલુ થયેલ સત્સંગમાં દાદી પ્રકાશમણિજીએ આવવાની શરૂઆત કરી. તેઓ આવતાની સાથે જ શિવપિતા પરમાત્માની જ્ઞાન મુરલીના દિવાના-મસ્તાની બની ગઈ. દાદીજી ખૂબ જ મનનશીલ હતા અને તેઓ સદા ઓમની ધ્વનિમાં જ મગન રહેતા હતા.

### એક જવાબદાર વ્યક્તિત્વ

ઈ.સ. 1937માં શિવબાબાએ બાળકોના કલ્યાણ માટે દિવાળીના શુભઅવસર પર ઓમનિવાસ બોર્ડિંગની શરૂઆત કરી અને તેની જવાબદારી દાદી પ્રકાશમણિજીને સોંપવામાં આવી. બ્રહ્માબાબાએ સત્સંગમાં આવનાર સૌ માતાઓ અને બહેનોને કહ્યું કે, તમે સૌ તમારા લૌકિક પિતાશ્રી કે વાલીનું સંમતિપત્ર લઈ આવો કે હું મારી દીકરીને ઓમમંડળીમાં ભણવા માટે પ્રેમથી રજા આપું છું. દાદીજી તેમના લૌકિક પિતાજી પાસેથી આવો એક પત્ર લઈ આવ્યા અને આવી રીતે ઈશ્વરીય યજ્ઞમાં સમર્પણ થવાનો સૌ પ્રથમ પાર્ટ દાદીજીએ પ્લે કર્યો. ત્યારથી નિરંતર ઈશ્વરીય યજ્ઞમાં સેવાઓની જવાબદારીઓનો તાજ (મુગટ) ધારણ કરી મન-વચન-કર્મથી સેવાઓ પર તત્પર રહ્યાં અને અન્ય બહેનોને પણ અમૃતવેળાથી રાત સુધી કેવી રીતે રહેવું. તેનો પાઠ પોતાના આદર્શ જીવન દ્વારા બીજાઓને શીખવાડવા રહ્યા.

### વિદેશ સેવા માટે સૌ પ્રથમ નિમિત્ત બન્યા

ભારતમાં યજ્ઞના સ્થાનાન્તરણ પછી દાદીજીએ દિલ્હી, કાનપુર, પટણા, કોલકત્તા, મુંબઈમાં વિશેષ સેવાઓનો પાર્ટ બજાવ્યો. વિદેશમાં પણ ઈશ્વરીય સેવાર્થ સૌ પ્રથમ જાપાનમાં શાંતિનો સંદેશ આપવા પ્યારા બાબાએ તેમને નિમિત્ત બનાવ્યા. ત્યારબાદ ડ્રામાનુસાર 18 જાન્યુઆરી, 1969એ પ્યારા બ્રહ્માબાબા અવ્યક્ત વતનવાસી બન્યા ત્યારે શિવબાબાએ દાદીજીને જ પસંદ કરી મુખ્ય પ્રશાસિકાની જવાબદારીનો તાજ પહેરાવ્યો. ત્યારથી 38 વર્ષ સુધી દેશ-વિદેશમાં ઈશ્વરીય સેવામાં મુખ્ય ભૂમિકા નિભાવતા રહ્યાં. સમય, સંકલ્પ, શ્વાસ અને પોતાની હડ્ડી-હડ્ડી જ્ઞાનયજ્ઞમાં સ્વાહા કરી.

### મુખ્યાલયમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સંમેલન

પિતાશ્રીના અવ્યક્ત આરોહણ બાદ સૌ પ્રથમ વિશાળ કાર્ય ઓમશાંતિ ભવનનું નિર્માણનું કર્યું. જેમાં યુનિવર્સલ પીસ કોન્ફરન્સનું આયોજન થયું. જેમાં દેશ-વિદેશના હજારો ગણમાન્ય લોકો સાથે યુ.એન.ના ડો. રોબર્ટ મૂલર પણ પધારેલ. લગભગ 250 થી વધુ મીડિયાકર્મીઓ અને માલિકો પણ પહોંચ્યા હતા. એક મુખ્ય સંપાદકે દાદી પ્રકાશમણિજીને પ્રશ્ન કર્યો કે, દાદીજી તમે એવી તો કઈ જાદુની લાકડી ફેરવી છે કે, આ કાર્ય માટે દેશભરમાંથી સુપ્રસિદ્ધ મુખ્ય અખબારોના તંત્રીઓ, મુખ્ય સંપાદકો અને અખબારના માલિકો પોતે આવી ગયા છે. સામાન્ય રીતે સંમેલનોમાં મોટેભાગે પત્રકારો કે વરિષ્ઠ પત્રકારો જ જતા હોય છે. ત્યારે દાદીજીએ જવાબ આપ્યો કે, અમે કશું જ નથી કર્યું. તમને સૌને તો તમારા પિતા પરમાત્માએ તેમના ઘરે બોલાવ્યા છે. આ પિતાનું ઘર એ જ તમારું ઘર. ડો. રોબર્ટ મુલર પણ આ

વાર્તાલાપ વખતે ત્યાં ઉપસ્થિત હતા.

## મધુર હાસ્યએ પરમાત્માનું વરદાન કે ભેટ

બીજા મહાસંમેલનમાં યુ.એન. થી બહેન શૈલી પધાર્યા હતા. તેઓ વિચારતા હતા કે, દાદી પ્રકાશમણિજી તો એક વિશાળ આંતરરાષ્ટ્રીય સંસ્થાના મુખ્ય પ્રશાસિકા છે અને તેમની સાથે મુલાકાત કરવી સંભવ થશે કે કેમ? અથવા થશે તો કેવી રીતે થશે? જરૂર મુશ્કેલીઓ પડશે. પરંતુ દાદીજી તો નિર્માણતાની મૂર્તિ હતા. સંમેલનના સત્ર બાદ રોજ હાથ હલાવીને બધાને મળતાં. બહેન શૈલીએ દાદીને કહ્યું કે, દાદીજી તમારી પાસે 3 થી 4 હજાર ભાઈ-બહેનો મહેમાનો છે અને તેમાંય એકાદ હજાર જેટલા તો વિશેષ મહાનુભાવો (વી.આઈ.પી.) છે. તમને કોઈ તનાવ તો નથી થતો ? ત્યારે દાદીજીએ જવાબ આપ્યો કે, આ સૌ મહેમાનો તેમના પિતાના ઘરે આવ્યા છે, કરનકરાવનહાર તો પરમપિતા પરમાત્મા છે. એટલા માટે જ અમને કોઈને કોઈ પણ પ્રકારનો તનાવ છે જ નહીં. જ્યારે દાદીજીએ બહેન શૈલીને પૂછ્યું કે, બહેન તમને શું ઈશ્વરીય ભેટ આપું? ત્યારે બહેન શૈલી બોલ્યા કે, દાદીજી એક સૌગાદ માગું? આપ તે મને આપશો? તમારું શાશ્વત (અવિરત) હાસ્ય સૌગાદના રૂપે મને આપો. દાદીજીએ કહ્યું કે, આ ગોડલી ગીફ્ટ છે, લઈ લો.

## સર્વ ગુણોનો ભંડાર અને બેલેન્સ

દાદીજીના ચહેરા પર સદાને માટે રૂહાનિયત અને મધુર મુસ્કાનની ઝલક રહેતી. દાદીજી સદા સર્વ પ્રતિ શુભચિંતક હોવાને કારણે નાના-મોટા સર્વને સન્માન આપતાં. દાદીજીની પાસે સર્વ ગુણોનું બેલેન્સ હતું. જેટલા દાદીજી નોલેજફુલ હતા તેટલા જ પાવરફુલ (શક્તિશાળી) પણ હતા. જેટલા લવફુલ તેટલા જ લો-ફુલ પણ હતાં. તેમણે આપણને સૌને સદા માટે મર્યાદાની રેખાની અંદર રહેવાનું શીખવ્યું છે. દાદીજી, અતૂટ નિશ્ચયબુદ્ધિ હતા, જેના કારણે શ્રીમતનું યથાવત પાલન કરતા હતાં. તેઓ જેટલાં ગંભીર તેટલા જ રમણિક પણ હતા. જેટલા વ્યસ્ત હતાં તેટલા જ મસ્ત પણ હતા. સર્વગુણોનું બેલેન્સ હોવાને કારણે કાયમ તેઓ આનંદમય સ્થિતિમાં રહેતાં. આ બધા જ ગુણોને તેમણે સ્વાભાવિક રીતે પોતાના સ્વભાવમાં ઢાળી દીધા હતા. જેના કારણે સૌ કોઈ એકદમ હલકા બની પોતાના મન હૃદયની વાતો પણ દાદીજીને સખા-સખીના રૂપે કહી હળવા થઈ જતાં. તેમણે સૌ કોઈનું દિલ જીતી લીધું હતું. આજે પણ અવ્યક્ત બાપદાદાની સાથે દાદી પ્રકાશમણિજી જાણે સમાયેલા જ છે.

## આબુને વિશ્વ વિખ્યાત બનાવ્યું

દાદીજીની અંદર સાવધાની અથાગ શક્તિ સાગર સમાન વિશાળ હતી. તેઓ સહનશીલતાની મૂર્તિ હતાં. ખરેખર જોવા જઈએ તો આપણા સૌ માટે તેઓ સંતોષી માઁ હતા. તેઓ સત્યતાની મૂર્તિ હતાં. મનની અંદર અને બહાર સાફ હૃદય હોવાને કારણે તેઓ સૌ કોઈના હૃદયને જીતી લીધા હતાં. તેઓ સૌના પ્રિય હતા. દરેકે આવી દિવ્ય વિભૂતિને પોતાના દિલમાં અચૂક સમાવી લીધા હશે જ. શ્રેષ્ઠ આદર્શ સેમ્પલ (ઉદાહરણ રૂપ) અને સિમ્પલ (સાદગીપૂર્ણ) હતાં. દેહઅભિમાને ક્યારેક તેમને સ્પર્શ કર્યો જ નથી એમ ચોક્કસ કહી શકાય. કોઈ પણ પરિસ્થિતિઓમાં તેઓ જ્યારથી સમજતા થયા ત્યારથી ક્યારેય જૂઠું નથી બોલ્યા. તેમણે જ્ઞાનસરોવર અને શાંતિવન જેવા વિશાળ પરિસરોના નિર્માણ જેવા અનેક બેહદના સેવાના કાર્યો કરી ઈશ્વરીય સેવાઓમાં 4 (ચાર) નહી પણ 14 (ચૌદ) ચાંદ લગાવી દીધા. આબુને વિશ્વનું

(અનુસંધાન પેજ નં. 25 પર)

# મનન મંથન એટલે જ અમૃત મંથન

બ્ર.કુ. અનિલ, સુરત

સમુદ્ર મંથનમાંથી દેવોએ ભલે અમૃત પ્રાપ્ત કર્યું હોય પણ સંસારના સાગરમાંથી અમૃતનો આસ્વાદ લેનાર મહાન આત્મા છે. અમૃતના ઉપાસકો સૌ પ્રથમ તો સત્યનું શરણું શોધે છે, કારણ સત્ય આચરણ વગર બધું શૂન્ય છે. માનવી શું કે દેવ શું યુગોથી સૌ કોઈ અમૃતને ઝંખતું આવ્યું છે. અમર થવા કોણ નથી ઈચ્છતું? પણ આયુષ્યની યાત્રા લંબાવવાથી કંઈ અમર નથી થવાતું. જે જીવન અમૃતને પામે છે. અર્થાત્ જે પ્રભુ સાથે મનન-મંથન કરી જે આધ્યાત્મિક પ્રેમ અને આનંદ અનુભવે છે તે જીવાત્મા અમર બની જાય છે.

આપણે જીવાત્માઓ પ્રભુ સાથે મનન-મંથન કરતાં પણ મને કેટલો લાભ મળશે એ પહેલું વિચારીએ છીએ. આપણે લાભને વ્યક્તિગત બાબત ગણીએ છીએ. એનું કારણ એ છે કે આપણને ગળથૂથીમાંથી જ સ્વાર્થ રૂપી ઝેર પાવામાં આવે છે. અને એકવાર ઝેરની આદત પડી ગયા પછી એ ઝેર જ આપણું જીવન બની જાય છે. પરિણામે આપણાં અંગત સ્વાર્થ સિવાયના કોઈપણ કામનો પ્રતિકાર કરીએ છીએ. લાભ એટલે આપણા સ્વાર્થનો સંતોષ. જિંદગીની સિદ્ધિને આપણે આ પ્રકારે લાભ અને નુકસાનના કાટલાથી તોલીએ છીએ. એટલે ક્યાંથી સાચા અર્થમાં પ્રભુ સાથે મનન-મંથન દ્વારા સીધી જ વાત કરી શકાય?

આધ્યાત્મિક અમૃતપાનનો આસ્વાદ અનુભવવો હોય તો સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ના સાનિધ્યના આધારે, સત્યના આધાર વિના સ્નેહનું કોઈ મૂલ્ય નથી. સત્ય તથા સ્નેહનો સાધક સ્વાભાવિક રીતે જ આનંદનો ઉપાસક બની રહેવાનો આ અલૌકિક આનંદ એક એવું અમૃત બિંદુ છે કે જે જીવન જીવવાની કળા શીખવે છે. જન્મી તો સૌ જાણે છે, પણ જીવી જાણે તે જ સાચો ઉપાસક. આ ધરતી પર એવો કોઈ માનવી હશે ખરો કે જે આનંદનું આચમન કરવા નહીં ઈચ્છતો હોય? પોતાનું સુખ તો ઝંખે છે પણ અન્યનું સુખ કોણ ઝંખે છે? અમૃતનો ઉપાસક જ એમ કરી શકે. પોતાનામાં રહેલા અહંને જ્યાં સુધી માનવી ઓગાળતો નથી ત્યાં સુધી માનવી અમૃતનો ઉપાસક બની શકતો નથી. વિકારોરૂપી ઝેરને મન-બુદ્ધિમાંથી જાકારો આપ્યા વિના અમૃતપાન અનુભવી શકાતું નથી.

વહેલા કે મોડા દરેક માનવીએ પોતાના સારા કે નરસા કર્મનું સરવૈયું માંડવું જ પડે છે. જાત સાથેની છેતરપિંડી ઝાઝો સમય ચાલતી નથી. છળથી બહારના માણસો છેતરાઈ શકે છે, પણ આત્માને અંધારામાં રાખી શકાતો નથી. સત્તા, સંપત્તિ કે પ્રતિષ્ઠા તાત્કાલિક લાભ દર્શાવે છે, કદાચ તેથી જ આપણે એના મોહમાં સપડાઈ જઈએ છીએ. આત્માનું ઊર્ધ્વીકરણ ન કરી શકે એ લાભ શા કામનો? જિંદગીનો અંત દેખાય ત્યારે જો આપણે કર્મોનું સરવૈયું કાઢવા બેસીએ, અને જો આપણે ખોટનો વેપાર કરી બેઠા હોઈએ તો પછી તે સમયે જીવનની ઉધાર બાજુને જમા બાજુમાં પલટાવવાનું મુશ્કેલ બની જાય છે.

જિંદગીની દરેક ક્ષણ એ જીવતી ક્ષણ છે, પણ તે સાથે તે મૃત્યુની પણ ક્ષણ છે. એમ માનીએ તો લાભ અને નુકશાનને આપણે આપણી આંખો વડે નહીં પણ અન્યની આંખો વડે જોઈશું. આપણને આપણી ભૂલો આવરણ મૂકીને જોવાની ટેવ છે, જ્યારે બીજાના દોષો માઈક્રોસ્કોપથી

(અનુસંધાન પેજ નં. 34 પર)

# ભારતના વૈવિધ્ય તહેવારોનું આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. પાયલ (ભોલી), ઉપલેટા

ભારતવર્ષનો ભવ્ય સાંસ્કૃતિક વારસો અનેકવિધ તહેવારોથી છે શ્રૃંગારિત,
દરેક ઉત્સવોની ઊજવણી પાછળ સંસ્કારોની શાલીનતા છે સમાહિત,
રજા, મુલાકાત, શ્રૃંગાર, ખાન-પાન - આ વર્ષે પણ એ જ નિભાવીશું રસમ-રિવાજ,
કે જીવનને શ્રેષ્ઠ બનાવવા આ અવસરીએ અપનાવીશું કંઈક ન્યારો અંદાજ,
પર્વોની શાશ્વત ખુશી મેળવવા સુણો પરમાત્મા શિવનું દિવ્ય કથન...

**15 ઓગસ્ટ - 74મો સ્વતંત્રતા દિવસ**

અનેકો ગુપ્ત - પ્રત્યક્ષ સ્વાતંત્ર્ય સંગ્રામીઓએ આપ્યું સ્વયંનું નિઃસ્વાર્થ, બલિદાન,
જેઓની કુરબાનીથી આપણા પ્યારા વતન ભારત દેશમાં ગૂંજ્યું આઝાદીનું બુલંદ ગાન,
પણ વ્યસનો, બુરાઈઓ, વિકારોએ માનવને ફરી બનાવ્યો કુઈચ્છાઓનો ગુપ્ત ગુલામ,
ત્યારે જ તો કરશે ભારત દેશની ડાળીઓ પર ફરી ગુંજન...
પર્વોની શાશ્વત ખુશી મેળવવા સુણો પરમાત્મા શિવનું દિવ્ય કથન...

**22 ઓગસ્ટ - રક્ષાબંધન**

શ્રાવણી પૂનમને દિવસે આવે રક્ષાબંધનનું પાવન સુગંધિત વિષતોડક પર્વ,
બહેનોના પવિત્ર સ્નેહના તાંતણે બંધાઈને વ્હાલાં વીરના હૈયામાં ઊછળે ગર્વ,
કળિયુગના અંતમાં અકલ્પનીય આપત્તિઓના પ્રહારથી માનવાત્મા અનુભવે અસુરક્ષા,
શુદ્ધ આહાર, વિચાર, વ્યવહારના 'મર્યાદા સૂત્ર'થી પરમાત્મા કરે સાચી રક્ષા,
મધુર વચનોની મીઠાઈ, શ્રેષ્ઠ સ્મૃતિના તિલક સંગે સંકલ્પોની દૃઢતા જ સાચું સ્વરક્ષાબંધન...
પર્વોની શાશ્વત ખુશી મેળવવા સુણો પરમાત્મા શિવનું દિવ્ય કથન...

**25 ઓગસ્ટ - દાદી પ્રકાશમણિજીનો 14મો સ્મૃતિ દિવસ - 'વિશ્વ બંધુત્વ દિવસ'**

વિશ્વ બંધુત્વ દિવસે દિલમાં ભાઈચારાની ભાવના જગાવે દાદી પ્રકાશમણિજીની સ્મૃતિ
અગ્રદૂત નારી શક્તિની દાદી કુમારકા, પાલનામાં સ્નેહ-શક્તિની સાક્ષાત્ આકૃત્તિ,
અપનત્વની પારિવારિક ભાવનાથી સૌનું પરિવર્તન કરાવવામાં અદ્‌ભુત પ્રભુત્વ,
બ્રહ્માકુમારી સંસ્થાનના અંકુરને વિશાળ વટવૃક્ષનું રૂપ પ્રદાન કરનાર અદ્વિતીય નેતૃત્વ,
' વન્દે માતરમ્ ' કહો સર્જનહાર શિવ સ્વયં કરે નારી શક્તિને શત્ શત્ નમન...
પર્વોની શાશ્વત ખુશી મેળવવા સુણો પરમાત્મા શિવનું દિવ્ય કથન...

**30 ઓગસ્ટ - જન્માષ્ટમી**

પ્રભામંડળથી શોભિત, હીરાજડિત સ્વર્ણમોરમુગટથી સજ્જ સતયુગના પ્રથમ મહારાજકુમાર,
વૈકુંઠનાથ, જન્મથી પૂજ્ય, યોગીરાજ, મનમોહક શ્રીક્રિષ્નના જન્મનો આ તહેવાર,
રાજ્યકળામાં પ્રભુત્વશાળી, દિવ્યગુણોની પરાકાષ્ટાથી બન્યા એ પુરુષોત્તમ,
કળિયુગની ઘોર રાત્રિમાં પરમાત્મ શ્રીમત પર લગાવે સ્વર્ગીય દુનિયાની કલમ,
મિચનુ ક્રિષ્નની દૈવી દુનિયામાં જવા બનાવીએ જીવનને દિવ્યગુણોનું ઉપવન...
પર્વોની શાશ્વત ખુશી મેળવવા સુણો પરમાત્મા શિવનું દિવ્ય કથન...

# સાચા યજ્ઞરક્ષક - યજ્ઞસેવક પ્રવીણાબાનું મહાપ્રયાણ

બ્ર.કુ. અરુણાબેન, અટલાદરા, વડોદરા



નિરાકાર શિવ પરમાત્મા જયારે વિશ્વ કલ્યાણ અર્થે બ્રહ્માના શરીરમાં અવતરિત થાય છે ત્યારે આ સંસાર સ્વાર્થ, મનોવિકાર, ભોગવૃત્તિ, પાપાચાર - ભ્રષ્ટાચારથી ભરેલો હોય છે. તેવા સમયે વિશ્વકલ્યાણ માટે જે સદ્ગુણોની આવશ્યકતા હોય છે, એમાં મુખ્ય છે - પવિત્રતા, પ્રેમ, દયા, ક્ષમા, ત્યાગ, અને સેવા. એટલે જ પરમાત્મા આ કલ્યાણકારી કર્તવ્યને પૂરું કરવા માટે જ્ઞાનનો કળશ નારી શક્તિને સોંપે છે. માતૃશક્તિ સાક્ષાત આ સદ્ગુણોની પ્રતિમૂર્તિ હોય છે. પુરુષોને તો આ ગુણોને ધારણ કરવા માટે કઠિન સાધના (પુરુષાર્થ) કરવી પડતી હોય છે, પરંતુ માતાઓની અંદર આ ગુણો સ્વાભાવિક રીતે હોય છે.

આવી જ રીતે પરમપિતા પરમાત્મા શિવ દ્વારા આપવામાં આવેલ જ્ઞાન કળશને પૂર્ણ સમર્પણ ભાવથી અને સત્યનિષ્ઠાથી ધારણ કરીને પોતાનું જીવન ઈશ્વરીય કર્તવ્યોમાં ન્યોછાવર કરનાર યજ્ઞની એક મહાન નારીશક્તિ બરવાળા (ગુજરાત)ના પ્રવીણાબાના આત્માએ ૧૮ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ ૮૮ વર્ષની ઉમરમાં ૬૧ વર્ષની દિવ્ય અલૌકિક જીવનની યાત્રા પૂરી કરીને પોતાની સંપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી. જેમની મહાન જીવન-ગાથાથી આપણે સૌ પરિચિત થઈશું.

લૌકિકમાં આપના પાંચ સંતાનો પૈકી બે દીકરીઓ બ્ર.કુ. અરુણાબેન અને બ્ર.કુ. પૂનમબેન કે જેઓ વડોદરામાં અટલાદરા સેવાકેન્દ્રના સંચાલિકા અને સહ સંચાલિકા તરીકે સેવાઓમાં સમર્પિત છે. એક પુત્ર, કુમારજીવનમાં ઈશ્વરીય સેવાઓમાં સમર્પિત છે અને અન્ય એક પુત્ર, પુત્રવધૂ અને પુત્રી ગૃહસ્થ જીવનમાં રહીને ઈશ્વરીય જ્ઞાનમાં પૂર્ણ ધારણાઓ સાથે ચાલી રહ્યા છે. આપના યુગલે પણ ઈશ્વરીય જ્ઞાનમાં ચાલતા-ચાલતા જ થોડાક વર્ષો પહેલા દેહનો ત્યાગ કર્યો હતો. આ રીતે આવા દિવ્ય રત્નોને અલૌકિક જીવનમાં લાવવા માટે પણ આપ જ નિમિત્ત બન્યા હતા.

પ્રવીણાબાનો જન્મ ૨૩ ઓગષ્ટ, ૧૯૩૨માં ગુજરાતના દરિયા કિનારે વસેલા ઉમરગાંવમાં એક સંપન્ન મરજાદી વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. મરજાદી વૈષ્ણવ હોવાથી તેઓના ઘરમાં ભક્તિની ચુસ્ત ધારણાઓનું પાલન કરવામાં આવતું હતું. માત્ર એક શ્રીકૃષ્ણની ભક્તિ કરવી. ખાન-પાન અને રહન-સહનની પૂરી શુદ્ધિ અને બ્રહ્મ મુહુર્તમાં ચાર વાગે ઉઠવું એવા પારિવારિક સંસ્કારો તેઓને જન્મથી જ મળ્યા હતા. પિતાજી સંપન્નતાના કારણે નગરશેઠ કહેવાતા હતા. પ્રવીણાબાના લગ્ન મહારાષ્ટ્રના પનવેલમાં થયા હતા. ત્યાંથી લગભગ ૧ કલાકના અંતરે આવેલું સાયન સેવાકેન્દ્ર. આ સેવાકેન્દ્રના નિમિત્ત બહેન યજ્ઞના આદિરત્ન બ્રહ્માબાબાની લૌકિક પુત્રવધૂ બ્રીજેન્દ્રા દાદી હતા. સન્ ૧૯૬૧માં એક સાથે સાસુ-સસરા, નણંદ-દિયર અને પ્રવીણાબાએ ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. બધા સાથે જ ઈશ્વરીય જ્ઞાનમાં ચાલવા લાગ્યા. પરિવારના આ સભ્યોને બ્રિજેન્દ્રદાદી દ્વારા ખૂબજ ઊંચી પાલના મળી. બધાજ ખૂબજ લગનથી જ્ઞાનમાર્ગમાં આગળ વધવા લાગ્યા.

ઈશ્વરીય લગનની સાથે સાથે પ્રવીણાબાની ત્યાગ, તપસ્યા અને પરીક્ષાઓની યાત્રા પણ શરુ થઈ. પવિત્રતાને કારણે લૌકિક પતિનો સહયોગ મળતો નહતો. તેમણે ખૂબ વિરોધ સહન કર્યો છતાં પણ માતાજી બાબા પ્રત્યેના નિશ્ચયમાં અડગ રહ્યા. ૪ વર્ષ પછી વેપાર અર્થે પિતાજી-બા પરિવાર સહિત ધોલેરા, ગુજરાતમાં આવીને વસ્યા. અહી આવીને પણ પ્રવીણાબા પોતાના પુરુષાર્થ અને ધારણાઓમાં નિરંતર ચાલતા રહ્યા. ત્યાર બાદ લગભગ ૧૯૭૦માં વેપાર અર્થે આખો પરિવાર બરવાળામાં સ્થાયી થયો. ત્યાં સુધી ઈશ્વરીય જ્ઞાનમાં બાને ૯ વર્ષ થયા હતા. આ સમય દરમિયાન બાએ સાકાર મમ્મા-બાબાની પણ પાલના લીધી. ત્યાં સુધીમાં બાના લૌકિક પતિ પણ થોડું થોડું જ્ઞાનને સમજતા થયા હતા. પરંતુ પરમાત્માની સ્પષ્ટ ઓળખ હજુ પણ નહોતી. પિતાજી ગહન ભક્તિ ભાવવાળા હોવાથી હંમેશા સામાજિક કાર્યોમાં પોતાની ખૂબ સેવાઓ આપી રહ્યા હતા. પ્રવીણાબાનું આચરણ અને નિશ્ચય જોઈને સમય જતા પિતાજીનું પણ હૃદય પરિવર્તન થઈ ગયું. તેઓ બાને સંપૂર્ણ સહયોગી બનીને જ્ઞાન માર્ગમાં ચાલવા લાગ્યા. બરવાળામાં બા ઈશ્વરીય સેવાઓમાં નિમિત્ત બન્યા. પિતાજીએ પણ એમને લૌકિક ઘરની સામેજ જગ્યા લઈને ગીતા પાઠશાળા ખોલવા માટે ખૂબ મોટો સહયોગ આપ્યો.

પાઠશાળા ખોલ્યા પછી બાની સામે ઘણી બધી પરીક્ષાઓ આવી. શરુઆતમાં જ અહીં ગામના હરિજન કોમના આત્માઓ રેગ્યુલર સ્ટુડન્ટ બન્યા. પ્રવીણાબાના પતિની બરવાળામાં ખૂબ મોટી ઓઈલ મીલ હતી. તેના લીધે બરવાળામાં તેઓ ખૂબજ પ્રતિષ્ઠિત અને સંપન્ન વ્યક્તિ તરીકે ઓળખાતા હતા. પણ જેવું ગીતા પાઠશાળામાં હરિજન કુળના આત્માઓનું આવવાનું શરુ થયું તો અન્ય બીજી જાતિના લોકોએ વિરોધ કર્યો. બીજા સૌને અહીં આવતા રોકવા લાગ્યા. પરંતુ બાએ ક્યારેય તેઓના વિરોધને મન પર ના લેતા પોતાની સેવાઓમાં અડગ રહ્યા. દરેક આત્માને પરમાત્માના અમૂલ્ય રત્નો સમજીને પાલના કરી. તેઓ બાબાને પ્રેમથી ભોગ લગાવતા અને દરેકને ભોગ ખવડાવતા. જેના કારણે અનેક સ્ટુડન્ટ જ્ઞાનમાં નિશ્ચય બુદ્ધિ બની ગયા હતા. બા હંમેશા કહેતા હતા કે ભોગ લગાવવાથી ભોગના દૂર થાય છે. બાબાને પોતાનું બાળક બનાવીને ખૂબજ ભાવનાથી સંબંધ નિભાવીને બાએ બાબાને સ્નેહ અને અધિકારના બંધનમાં બાંધી લીધા હતા. આટલા મોટા કુળના હોવા છતાં પણ તેમણે લોકલાજ કે નામ-માન-શાનને છોડીને ઈશ્વરીય આદર્શો-મૂલ્યોને જ આગળ રાખ્યા. બાની અથક સેવાઓને કારણે વિરોધ કરનારાઓ પણ સહયોગી બની ગયા. ૧૦૦ જેટલી સંખ્યામાં આજે અહીં રેગ્યુલર સ્ટુડન્ટ જ્ઞાન લઈ રહ્યા છે. આ એમના અટલ નિશ્ચય અને આદર્શોનું જ પરિણામ છે. હાલમાં જ મધુબન દ્વારા બરવાળામાં સેવાકેન્દ્ર સ્થાપિત કરવાની અનુમતિ પણ મળી ગઈ છે. છેલ્લા થોડા વર્ષોથી બાના લૌકિક પરિવારે વેપારને પણ સમેટી લીધો તેમજ ઓઈલ મીલને વેચીને સંપૂર્ણ રીતે સેવાઓમાં સમર્પિત થઈ ગયા છે. બરવાળા ગીતા પાઠશાળા ખોલવા માટે નિમિત્ત એવા પ્રવીણાબાનો સંકલ્પ હતો કે બરવાળામાં સેવાકેન્દ્ર બને. તો જે સ્થાન પર ઓઈલ મીલ હતી ત્યાં પ્રવીણાબાએ પોતાનું શરીર છોડતા પહેલા જ આ જગ્યા સેવાકેન્દ્ર માટે સમર્પિત કરી દીધી.

પ્રવીણાબા એ હંમેશા લૌકિક અને અલૌકિક બંને જવાબદારીઓ સમાનતાપૂર્વક ઈમાનદારીથી નિભાવી. લૌકિકને અલૌકિકમાં પરિવર્તન કરી

દીધું. દિલથી તેમણે શિવબાબા અને અલૌકિક સેવાઓને આગળ રાખી. શિવબાબાને તેઓ હંમેશા પોતાનું પ્રથમ સંતાન માનતા હતા. તેથીજ જયારે પણ લૌકિક પરિવારમાંથી કોઈને સામાન ખરીદવા માટે ભાવનગર મોકલતા ત્યારે ભાવનગર સેવાકેન્દ્રની આવશ્યકતા પ્રમાણે ત્યાં પણ એ સામાન મોકલતા અને કહેતા કે પહેલા મારા શિવબાળકના ઘરમાં આપજો, પછી આ ઘરમાં લાવજો. પ્રવીણાબા બપોરે આરામનો ત્યાગ કરીને બરવાળા ૩૦ કિ.મી દૂર ધંધુકા તથા બોટાદ બસથી યાત્રા કરીને ઈશ્વરીય જ્ઞાન સંભળાવવા જતા હતા. સાંજે પાછા આવીને ઘરનું કામ કરતાં. બરવાળા આટલી નાની જગ્યા હોવા છતાં પાઠશાળામાં યજ્ઞના મહાન આત્માઓ અને વરિષ્ઠ દાદીઓ પણ અહીં બે વખત આવીને રહ્યા હતા. દાદીઓ જયારે પણ ભાવનગર આવે ત્યારે બપોરનું ભોજન બરવાળામાં જ કરતાં હતા. આ પાઠશાળાનું ઉદ્‌ઘાટન દાદી પ્રકાશમણિજીના હાથે થયું હતું, ત્યારે દાદીજીએ કહ્યું હતું કે બરવાળા બળવાળું બનશે. દાદી પ્રકાશમણિજી ઉપરાંત દાદી ગુલઝારજી, દાદી મનોહરજી, દાદી રતન-મોહિનીજી, મોહિનીબેન વગેરે આદિ રત્નોની પાલના બરવાળા પાઠશાળાના સ્ટુડન્ટને મળતી રહી. આ બધાજ દાદીઓ પ્રવીણાબાને પણ આદિરત્ન કહેતા હતા. અલૌકિક પરિવારમાં પણ નિમિત્ત આત્માઓ પ્રત્યે બાની ભાવના ખૂબજ ઊંચી રહેતી. મન વચન કર્મથી બા હંમેશા યજ્ઞરક્ષક બનીને રહ્યા. બાએ સર્વ સેવાઓ ઈશ્વરીય મર્યાદાઓમાં રહીને જ કરી.

લગભગ ૮૦ વર્ષની ઉંમરે લૌકિક પતિએ શરીર છોડ્યું. ત્યારબાદ બાને સંકલ્પ આવ્યો કે હું હવે સમર્પિતરૂપથી સેવાકેન્દ્રમાં રહું અને બાબાના ઘરમાં જ શરીર છૂટે. લૌકિક પુત્રી સેવાકેન્દ્રની સંચાલિકા હોવા છતાં તેમજ પોતે વરિષ્ઠ હોવા છતાં બાએ મધુબન ઘરમાં તથા ઝોનમાંથી સેવાકેન્દ્રમાં રહેવા માટે પરવાનગી માગી.

મધુબન ઘરેથી દાદી રતનમોહિનીજી તથા ઝોનમાંથી સરલાદીદીએ પ્રવીણાબાને સેવાકેન્દ્ર પર રહેવા માટે સહર્ષ સ્વીકૃતિ આપી દીધી. કહ્યું કે આપ તો છો જ સમર્પિત. સ્વીકૃતિ મળ્યા પછી જયારે તેઓ સેવાકેન્દ્રમાં રહેવા માટે આવ્યા ત્યારથી લઈને અંત સુધી તેમણે બ્ર.કુ. અરુણાબેનને ક્યારેય લૌકિક પુત્રીના રૂપમાં નથી જોયા. તેઓ હંમેશા તેમને દીદી કહીને જ સંબોધિત કરતાં. દીદીની અંદર એમને બાબા દેખાતા અને હંમેશા દીદીની દ્રષ્ટિ લેતા. સેવાકેન્દ્રમાં આવ્યા બાદ તેઓ પોતાની લૌકિક પુત્રીઓથી પણ વધારે સેવાકેન્દ્રમાં રહેતી નાની બ્ર.કુ. બહેનો અને કન્યાઓને અતિ સ્નેહથી પાલના આપતા રહેતા. તેઓ નાની બહેનો સાથે સખીની જેમ રહેતા હતા. ક્યારેય કોઈ ભેદભાવ નહોતા રાખતા. સેવા-કેન્દ્રમાં આવનાર ભાઈ-બહેનોને પણ તેઓ ખૂબજ પ્રેમથી સેવામાં સાથ આપતા. જ્ઞાન, યોગ, પુરુષાર્થની તેમની અવસ્થા ખૂબ ઊંચી હતી. સેવાકેન્દ્રમાં આવનાર ભાઈબહેનો તેમની દ્રષ્ટિ લેવા તત્પર રહેતા અને તેઓ હંમેશા કહેતા કે સદા ખુશ રહો, ભાગ્યશાળી બનો.

મુરલી સંભળાવવાનો એમનો એક ગજબનો શોખ હતો. એમના અવાજમાં સિંહની ગર્જના જેવો અનુભવ થતો. સાંભળનારને એમ જ લાગતું કે શિવ-શક્તિનો જાણે લલકાર હોય. દિવસમાં ત્રણ-ચાર વખત તેઓ મુરલી વાંચતા હતા. અંતમાં તો મુરલી એમના હૃદયથી જ લગાવીને રાખતા. દિવસમાં ૧૦ થી ૧૫ વાર તેઓ સ્વદર્શનચક્ર ફેરવતા હતા. ૫૦ થી ૬૦ સ્વમાન એક સાથે મૌખિક તેઓ બોલી જતા. સાંભળનાર સાંભળીને

અચંબિત થઇ જતા. હંમેશા નિમિત્તભાવથી સેવા કરતા. સેવાકેન્દ્રના કોઈપણ મામલામાં તેમણે ક્યારેય દખલગીરી નથી કરી. પોતાની બુદ્ધિને તો હંમેશા બાબામાં લગાવીને રાખતા. છેલ્લા પાંચ-છ મહિનાથી એમનું શરીર શિથિલ થવા લાગ્યું હતું. જયારે મધુબનમાં પ્રવીણાબાના નિમિત્ત ભોગ લગાવવામાં આવ્યો ત્યારે સંદેશમાં બાબાએ કહ્યું કે બચ્ચી માટે ગર્ભ મહેલ તૈયાર થઈ રહ્યો છે. બાબાનો આ સંદેશ આવ્યાને સાડા ત્રણ માસ બાદ બાએ શરીર છોડ્યું.

અંતિમ સમયે શરીર છોડતી વખતે બાએ પોતાની સ્થિતિ પ્રકૃતિજીત બનાવી દીધી હતી. તેઓ પથારી પર એકજ અવસ્થામાં લાંબા સમય સુધી સુઈ રહેતા એકદમ શાંત થઈને બાબાની યાદમાં સ્વદર્શનચક્ર ફેરવતા રહેતા હતા. આંખ ખુલે ત્યારે હૃદયે મુકેલી મુરલી વાંચ્યા કરતા હતા. અંતમાં એકદમ નાજુક અવસ્થા થઈ ત્યારે સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. અરુણાબેને અમુક કારણોસર બાને કહ્યું કે બા હજુ માત્ર પાંચ જ દિવસ તમે રોકાઈ જાવ પછી વિદાય લેજો.

હંમેશા નિમિત્ત બહેનોને ‘હા જી’ કહેનાર બાએ અંતિમ સમયે પણ ‘હા જી’ કરીને પાંચ દિવસ રોકાયા પછી સવારે ૯ વાગે બ્ર.કુ. અરુણાબેન અને બ્ર.કુ. પૂનમબેનના હસ્તે જળ પીને દ્રષ્ટિ લેતા લેતા એકદમ સહજ ભાવે જેમ માખણમાંથી વાળ કાઢીએ એમ સેકન્ડમાં બાબાની યાદમાં બાના આત્માએ પોતાનો દેહત્યાગ કરી બાબાની ગોદ લીધી.

પ્રવીણાબાએ પોતાના જીવનમાં ખૂબ ઊંચી સાધના કરી હતી. હંમેશા ઉમંગ ઉત્સાહમાં રહેતા હતા. એમની બુદ્ધિ ખૂબ રચનાત્મક હતી. તેઓ જ્ઞાનના ખૂબ રમણિક સ્વરચિત ગીતો - કવિતાઓ બનાવતા હતા. ક્યારેક દાદીયો કે વરિષ્ઠ ભાઈ બહેનો બરવાળા આવતા ત્યારે બા ખૂબ જ પ્રેમથી તેઓ માટે ગીત કે કવિતા બનાવીને ગાઈને બધાનું અભિવાદન કરતા રહેતા હતા. ગીત ગાતી વખતે એમના અવાજમાં ખૂબજ પ્રેમભાવ અને પ્રભુ પ્રીતની ઝલક દેખાતી હતી. આ રીતે હંમેશા ગુપ્ત અને નિમિત્ત થઈ સાધારણ રૂપથી પોતાના પુરુષાર્થ દ્વારા બ્રાહ્મણ પરિવાર અને નિમિત્ત આત્માઓનું દિલ જીતી લીધું હતું. તેઓના આવા નિસ્વાર્થ સ્નેહના કારણે ૧૨૧ સેવાસ્થાનોમાં તેમના નિમિત ભોગ લગાવવામાં આવ્યો. મધુબનમાં પણ ભોગ લાગ્યો. આ રીતે સંતુષ્ટતા અને દુવાઓનું સર્ટિફીકેટ સૌની પાસેથી લઈને જીવનભર પોતાના દ્વારા લૂટાવેલ પ્રેમ અને સેવાઓની યાદગાર છોડીને આત્મા બધાના દિલો પર એક અમિટ છાપ છોડીને ગયા.

આવા પ્રેમમૂર્ત, દિવ્યમૂર્ત, પ્રેરણામૂર્ત આત્માને આખા બ્રાહ્મણ પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ, હૃદયથી ધન્યવાદ, શત્ શત્ નમન..

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... અમૃતધારા**

સ્વાભાવિક રીતે આવી ગયું છે. વીતેલી વાતોનું ચિંતન કરવું એ સમયની બરબાદી છે. સમયને સફળ બનાવવાનો છે. કારણ કે આ સમય મૂલ્યવાન છે. તેથી અમૃતવેળાને ગુમાવો નહીં. બાબાની સામે બેસો. બાબાએ કર્મોની ગુહ્યગતિ સમજાવી છે. મુક્તિ-જીવનમુક્તિ વારસામાં આપી છે. ભૂતકાળમાં જે ભૂલો થઈ હતી તેમાંથી મુક્તિ મળી ગઈ. બાબા કહે છે મનમનાભવ, મદ્યાજીભવ એવાં કર્મો કરો કે સતયુગમાં લક્ષ્મીનારાયણના રાજ્યમાં પહેલાં પહેલાં આવો. એટલે આ કમાણીનો સમય છે. પાલના, અભ્યાસ, પ્રાપ્તિ ઘણી સારી છે. **॥ઓમશાંતિ ॥**

# બાબા તમારી યાદ આવે છે

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

તર્જ - બહારો ફુલ બરસાવો...

શિવબાબા ભાગ્યવિધાતા,
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...
સુખશાંતિના છો દાતા,
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...
તમે છો વિશ્વ રચયિતા, રચનાનું રાજ બતાવો છો,
જ્ઞાનનાં ચક્ષુ આપીને, અંધકાર અંતરનો હટાવો છો,
ગુણીનાં સાજ સજાવી, શક્તિ અલૌકિક આપો છો.
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...
ભોલા ભંડારી બનીને, ભંડાર ભરપૂર કરો છો,
દિલથી યાદ કરે જે, તેના દુઃખડા દૂર કરો છો,
જ્ઞાનઅમૃત પાન કરાવી, જીવન પાવન બનાવો છો. તમે ..
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...
ત્રિકાળદર્શી બનાવીને, ખોલ્યા ભાગ્યનાં તાળા,
હટાવી માયા જાળને, કર્યા હૃદયમાં અજવાળા,
પુરુષાર્થની આપી કલમ હાથે, તકદીર શ્રેષ્ઠ બનાવો છો.
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...
માનવને દેવ બનાવવા, દુર્ગુણોથી છોડાવો છો,
ભટકતા મન બુદ્ધિને, એકાગ્રતામાં જોડાવો છો,
પરિવર્તન જીવનનું કરાવવા, અવિનાશી વરદાન આપો છો.
તમે વરદાન આપો છો, શિવબાબા
તમારી યાદ આવે છે, બાબા તમારી યાદ આવે છે...

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 28નું અનુસંધાન)..**મનન મંથન**

જોવાની ટેવ છે. પરિણામે સ્વાર્થના કૂંડાળાની બહાર કદી જઈ શકતા નથી. આ સ્વાર્થના કૂંડાળામાંથી બહાર નીકળવાનો ફક્ત એક જ માર્ગ છે અને તે છે પ્રભુ સાથે અંતરની આરાધના, સાચા દિલની પ્રાર્થના અને મનન-મંથન દ્વારા મન-બુદ્ધિનો તાર સત્યમ્-શિવમ્-સુંદરમ્ સાથે જોડવો.

તમે પણ અમૃતના ઉપાસક છો. કદાચ તમને એની ખબર નથી. એકવાર અંતરના અરીસામાં જોશો તો તમને તમારો સાચો ચહેરો જરૂર દેખાશે. તો પછી સત્ય તમારા સાથમાં હશે, સ્નેહની તમને હૂંફ હશે અને તમે આનંદ યાત્રી બની જશો. આનંદનું અમૃત સત્ય અને સ્નેહનું અમૃત આપણાથી એક વેંત પણ દૂર નથી. આપણી પાસે જ છે, આપણામાં જ છે. તો પછી તેને કેમ ન પામીએ !

મિત્રો, ચાલો આપણે પ્રભુ પિતાના સાનિધ્ય સાથે અંતરનો વાર્તાલાપ કરીએ. મનન-મંથન કરીને અમૃત મંથન કરીએ. એનો આધ્યાત્મિક આનંદ આપણે અનુભવીએ અને આપણા સહ પરિવારને એવો આનંદનો અનુભવ કરાવવા પ્રેરણા સ્રોત બનીએ એવી શુભ કામના સાથે ...

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જુલાઈ–૨૦૨૧ માસની શબ્દાવલી ભાગ–૯ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૧૦ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં સપ્ટેમ્બર–૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૧૦ ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૦

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | 3 | ■ | 4 | 5 | | 6 |
| | ■ | | ■ | 7 | | | | ■ | |
| 8 | | | ■ | | ■ | | ■ | 9 | ■ |
| ■ | ■ | 10 | 11 | ■ | 12 | ■ | 13 | | 14 |
| ■ | 15 | | | ■ | 16 | 17 | ■ | 18 | |
| 19 | ■ | 20 | | 21 | ■ | 22 | 23 | ■ | |
| 24 | 25 | ■ | ■ | 26 | | | | ■ | |
| ■ | | ■ | ■ | 27 | ■ | 28 | | 29 | ■ |
| 30 | | | 31 | | 32 | ■ | 33 | | 34 |
| 35 | | ■ | 36 | | | | ■ | 37 | |

## શબ્દાવલી ભાગ-૯ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ર | 2 થ | યા | ત્રા | ■ | 3 નિ | 4 રા | 5 કા | રી | ■ |
| 6 ત | ક | ■ | ■ | 7 ક | ■ | 8 ઘ | ર | ■ | 9 ગુ |
| ન | ■ | 10 સા | 11 હ | સ | ■ | વ | ■ | 12 સા | રૂ |
| ■ | 13 ટિ | ■ | 14 સી | ર | ત | ■ | 15 ગો | ■ | પૂ |
| ■ | ક્ક | ■ | 16 ન | ત | ■ | 17 ગો | પી | ■ | ર્ણિ |
| 18 જ | ન | ની | ■ | ■ | ■ | ■ | 19 ચં | દ્ર | મા |
| યા | ■ | ■ | 20 પ્ર | ભુ | 21 પ | સં | દ | ■ | ■ |
| 22 પા | સ | ■ | શ્ના | ■ | રિ | ■ | ■ | 23 ખ્વા | 24 બ |
| ર્વ | ■ | 25 ર | વ | ■ | 26 વા | 27 વ | ણી | ■ | ત |
| 28 તિ | લાં | જ | લી | ■ | 29 ર | ક્ત | ■ | 30 રં | ક |

### આડી ચાવીઓ:–

૧. બળેવનું અન્ય નામ (૫)
૪. કુમારોના દાદી (૪)
૭. એક ફરસાણ (૪)
૮. ..... દર્શન(૩)
૧૦. દીવો (૨)
૧૩. બ્રહ્માબાબા શિવબાબાના ...... (૩)
૧૫. હિન્દુઓનો પવિત્ર માસ (૩)
૧૬. નાની ચૂક (૨)
૧૮. એક નદીનું નામ (૨)
૨૦. નિર્જીવનું વિરોધી (૩)
૨૨. પ્રભુ મારી ..... રાખો (૨)
૨૪. દરજી કપડાનું ..... લે (૨)
૨૬. .... નાનો રે, કાનો રમે છે મારી ગોદમાં (૪)
૨૭. બે શબ્દને અંગ્રેજીમાં કહેવાય(૧)
૨૮. ભારત, નેપાળ પાસેનો એક દેશ (૩)
૩૦. ૧૫મી ઓગષ્ટને ...... કહેવાય (૬)
૩૩. ભાવના (૩)
૩૫. દોસ્ત (૨)
૩૬. રામે ૧૪ વર્ષ ..... કર્યો (૪)
૩૭. નસ (૨)

### ઊભી ચાવીઓ:–

૧. રચના .... ઈતની સુંદર વો.. (૩)
૨. ૨૫ ઓગષ્ટ વિશ્વ .... રૂપે ઓળખાય છે (૬)
૩. કોપી (૩)
૪. નાગપાંચમ, શીતળા સાતમનો પ્રસાદ (૩)
૫. મહિનો (૨)
૬. ચાર પૈડાનું વાહન, ગાડી (૨)
૯. માઁ તુજે .... (૩)
૧૧. ગોવાનું મુખ્ય શહેરનું નામ (૩)
૧૨. રાખડી શબ્દને હિન્દીમાં .... કહેવાય (૨)
૧૪. ૧૪ ઓગષ્ટે કયા દાદીનો સ્મૃતિ દિવસ આવે (૪)
૧૭. સત્યનારાયણની કથાના એક પાત્રનું નામ (૪)
૧૯. પ્રકાશમણિ દાદીજીનું લૌકિક નામ (૨)
૨૧. એક બે એક શબ્દનું અંગ્રેજી રૂપાંતર (૫)
૨૩. એક ફુલ (૪)
૨૫. સ્વતંત્રનું વિરોધી (૪)
૨૯. ..... ની વેણી માથામાં નખાય (૩)
૩૦. કિંદા ..... સતગુરૂ (૨)
૩૧. ..... દમણ અને ગોવા (૨)
૩૨. એક અને પા ભેગા કરીએ તો .... થાય (૨)
૩૪. ગણી શબ્દને ઉંધો લખો (૨)

*Gyan Amrit* Vol.14 | Issue 8 | August 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



નવસારીમાં મધ્યપ્રદેશના નવનિયુક્ત મહામહિમ રાજ્યપાલ માનનીય મંગુભાઈ પટેલને અભિનંદન સાથે ઇશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ગીતાબેન બાજુમાં સુપ્રસિધ્ધ બિલ્ડર ભ્રાતા ભાસ્કરભાઈ.



વડોદરા મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર ભ્રાતા કેયુરભાઈ રોકડીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી નંદાબેન જોષી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન ભ્રાતા હિતેન્દ્રભાઈ પટેલને અભિનંદન અને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. અરુણાબેન.




વડોદરા મંગલવાડી ખાતે બ્રહ્માકુમારીઝ તથા BJPના સંયુક્ત 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ના કાર્યક્રમમાં ટી.વી. ચેનલને ઈન્ટરવ્યુ આપતાં બ્ર.કુ. રાજબેન બાજુમાં MLA શ્રીમતી સીમાબેન.



અમદાવાદ ચાંદલોડીયા સેવાકેન્દ્રના 'વાર્ષિક ઉત્સવ'ના કાર્યક્રમમાં બ્રહ્માવત્સોને પ્રેરણા આપતાં બ્ર.કુ. ચંદ્રિકાબેન બાજુમાં બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. નિર્મલાબેન.







ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે MOU થયેલ દહેગામ આર્ટસ્ કૉલેજ દ્વારા 'ઈન્દ્રપ્રસ્થ' રીટ્રીટના પરીસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ સમુહચિત્રમાં આચાર્ય, પ્રાધ્યાપકો, બ્ર.કુ. ભાઈ–બહેનો અને 'શિક્ષણમાં મૂલ્ય' સેમીનારમાં વકતવ્ય આપતાં વિવેકાનંદ આર્ટસ્ કૉલેજના આચાર્ય બ્ર.કુ. ડૉ. મમતાબેન સાથે મંચસ્થ મહાનુભાવો આચાર્ય ભ્રાતા ડૉ. હિતેશભાઈ ભટ્ટ, NSS કૉર્ડીનેટર ડૉ. રવીભાઈ અમીન તથા દહેગામ આર્ટસ્ કૉલેજના આચાર્ય ભ્રાતા ડૉ. હિતેશભાઈ ભટ્ટનું શૉલથી સન્માન કરતાં બ્ર.કુ. નંદિનીબેન.